
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ ઓક્ટોબર ● વર્ષ : ૪૭ ● અંક : ૧૦
સખી હૈડે તે હરખ ન માંય, આજ દિવાળી રે...



# નૂતન વર્ષાભિનંદન



**વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ**

નૂતન વર્ષની પ્રાર્થના

" જેણે પરભાવને છોડી [illegible]
સુખિયા થવાની આવડ છે..."

હે મહારાજ, આપનો પ્રગટભાવ અખંડ રખાવજો. આપના દિવ્ય સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરાવજો અને ઘરના તથા સત્સંગના સર્વે ભક્તોમાં - સંતોમાં દિવ્યભાવનો ઠરાવ કરાવજો.

સેવક સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ...



## જ્ઞાનસત્ર નિમિત્તે ગુરુજીનો દિવ્ય સંદેશ

### રમો રહીને જતા...

અનાદિકાળની દેહાધ્યાસની મજબૂત દિવાલને તોડવા માટે અવસર એટલે જ્ઞાનસત્ર.

એમાંય આ વખતે રોજ સાંજે રાજ્યોત યુવા સંમેલનમાં જીવનને આનંદ-આહ્લાદ સમૃદ્ધ બનાવવાનાં સઘળા પ્રયત્નો થનાર છે. તો એમ રમે રહીને જતા...

રાજી રહીએ.

સેવક સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ...




# ઘનશ્યામ

૧૦ ઓક્ટોબર, ૨૦૨૨ ● વર્ષ : ૪૭ ● અંક : ૧૦

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org | Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮


## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૭ વચનામૃત સાર (લોયા : ૨, ભાગ-૧)

૦૯ પ્રગટનાં પરમાણાં

૧૨ Oh Miracle !

૧૪ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું USA, Canada તથા UK ખાતે સત્સંગ વિચરણ


---


# GHANSHYAM

10 October, 2022 • Year : 47 • Edition : 10

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)


‘GTPL-ભક્તિ’ ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.

ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આજે જ આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આપેલ નંબર પર વૉટ્સઍપ કરો : ૯૪૦૮૩૨૦૦૩૬

# દિવ્યવાણી

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની તા. ૭-૯-૨૦૨૨ની દિવ્યવાણીમાંથી સંકલિત**

કંઠી પહેરી, તિલક-ચાંદલો કરવાથી સત્સંગની શરૂઆત થાય છે પરંતુ અનાદિમુક્તની સ્થિતિ પામ્યાના કારણ સત્સંગની શરૂઆત દાસત્વભાવથી થાય છે. દાસત્વભાવ કેળવવા માટે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંકલ્પ સભામાં આપેલા લાભને વાગોળીએ.



**દાસત્વભાવનું મહત્ત્વ :**

દાસત્વભાવ એ શ્રીજીમહારાજનો અતિ પ્રિય ગુણ છે. અત્યંત રાજીપાનો ગુણ છે. સર્વે ગુણમાત્રનો રાજા છે. જેનાથી સર્વે કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થાય છે. ત્યાગી કે ગૃહસ્થને વ્યવહારની કે સત્સંગની ગમે તેવી મોટપ હોય પરંતુ તે દાસત્વભાવના ગુણથી શોભે છે. કારણ, દાસત્વભાવ સૌનો શણગાર છે.

શ્રીજીમહારાજે સત્સંગમાં આવતાંની સાથે જ બે વાતનું પ્રધાનપણું જણાવ્યું હતું : (૧) દાસત્વપણું, (૨) નિષ્કામ ધર્મ. નિષ્કામ ધર્મ કરતાં પણ દાસત્વપણું અનેકગણો અધિક ગુણ છે. તેમ છતાં અનાદિકાળથી જીવાત્મા અહંકારને વશ થઈ આ ગુણથી હજારો ગાઉ દૂર રહ્યો છે.

શ્રીજીમહારાજ સ્વયં અનંતકોટિ બ્રહ્માંડના નાથ હોવા છતાં લોજપુરને વિષે સૌના દાસ થઈને રહ્યા. જે કેવળ આપણને શીખવવા કે સત્સંગનો પ્રારંભ દાસત્વભાવથી કરવો. નીલકંઠ વર્ણી લોજપુરના આશ્રમમાં ઉંમરમાં સૌથી નાના હતા. તેથી પાણી ભરવા જવાનું હોય, વાસીદું કરવાનું હોય, છાણ લેવા જવાનું હોય, ઘંટીમાં અનાજ દળવાનું હોય, ગૌચારું લાવવાનું હોય કે પછી શીલ બંદરેથી ચીભડાં લાવવાનાં હોય તો સૌ નીલકંઠ વર્ણીને જ સોંપતા. પોતે અનંતકોટિ બ્રહ્માંડના નાથ હોવા છતાં દાસત્વભાવે આશ્રમની નાનામાં નાની સેવા કરતા. સદ્. રામાનંદ સ્વામીએ કહેવડાવ્યું



અનંતને કંટ્રોલ કરવા સહેલા છે, કોઈના કંટ્રોલમાં રહેવું અઘરું છે.

હતું કે, "સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલાને પણ બાથ ભીડીને રહેજો." તો નવ માસ સુધી અસાધારણ દાસત્વભાવે વર્ત્યા. એટલું જ નહિ, નિજબોધાનંદ સ્વામી જેવા આકરી પ્રકૃતિવાળા સંતના પણ દાસ-ગુલામ થઈને રહ્યા. ખડે પગે તેમની સેવા કરી દાસના દાસ થઈ આપણને દાસત્વપણાના પાઠ શીખવ્યા.

શ્રીજીમહારાજે અને મોટાપુરુષોએ મુમુક્ષુની પાત્રતાની કસોટી દાસત્વભાવના ગુણથી જ કરી છે. અને જે એમાં પાસ થયા તેઓ અંતરના રાજીપાના પાત્ર બન્યા.

મગ્નીરામ હજારોના ભગવાન થઈને પૂજાતા. મેલી વિદ્યાના જાણકાર હતા. તેમને માંગરોળના નવાબ બદરુદ્દીને પડકાર કરતાં કહ્યું, "મારા જેવાને હેરાન કરે છે એના કરતાં સ્વામિનારાયણને તારા શિષ્ય બનાવ તો ખરો."

મીઠાની કોથળી સમુદ્રનો તાગ લેવા જાય તો પાછી આવે ? ના. પોતે જ ઓગળી જાય. તેમ મગ્નીરામનો અહંકાર શ્રીહરિ પાસે ઓગળી ગયો ને પોતે શ્રીહરિનું શિષ્યત્વ સ્વીકારી સાધુ થવા તૈયાર થયા. એ વખતે શ્રીજીમહારાજે કસોટીનું માપદંડ બનાવ્યું – નિર્માનીપણું અને દાસત્વભાવ. એમાં પાસ થતાં સદ્. અદ્વૈતાનંદ સ્વામી નામ પાડી સાધુ કર્યા.

અમદાવાદના ડોસા તાઈ અનેક કષ્ટો સહી જૂનાગઢ સદ્. ગુણાતીતાનંદ સ્વામી પાસે સાધુ થવા ગયા. એ વખતે સ્વામીએ આ જ કહ્યું કે, "નાનામાં નાના સાધુ કે હરિભક્તની મરજીમાં રહી એમના દાસ થઈને રહેવું પડશે." આમ, દાસત્વભાવને કસોટીના માપદંડ તરીકે મહારાજ અને મોટાપુરુષે પહેલો આપ્યો છે. દાસત્વપણું એ બોલવાનો કે કહેવાનો વિષય નથી પરંતુ અમલમાં મૂકવાનો વિષય છે; માટે અમલમાં મૂકીએ.

### દાસત્વપણું કેવી રીતે કેળવાય ? તેના ઉપાયો :

#### (૧) મહારાજ અને મોટાપુરુષના રાજીપાનો વિચાર :

પોતાપણાનો શૂન્યાવકાશ, અભાવ, ગેરહાજરી એ જ દાસત્વપણું. આપણે આજ સુધી પોતાપણાની જ પુષ્ટિ કરી છે. હું આ, હું આ એમ જ કર્યું છે એટલે દાસત્વપણું આવતું નથી. ગમે તેટલાને કંટ્રોલ કરતા હોય પણ પોતે કોઈના કંટ્રોલમાં દાસ થઈને રહી ન શકતા હોય તો તેની ઉપર મહારાજ અને મોટાપુરુષ રાજી ન થાય. 'મારે રાજી કરવા જ છે. તો એ માટે મારે સૌના દાસ થવું જ પડશે.' આવા રાજીપાના વિચારથી દાસત્વપણું આવે છે, રહે છે અને ટકે છે. જે સત્સંગમાં દાસાનુદાસ થઈને રહે તેની ઉપર મહારાજ અને મોટાપુરુષનો અંતરનો રાજીપો થાય છે. રાજીપાનો વિચાર એ દાસત્વભાવની જનેતા છે.

બાપાશ્રીએ દાસત્વભાવનું શરતી મહત્ત્વ દર્શાવતાં ભાગ-૨ની ૩૫મી વાતમાં કહ્યું છે, "જેને મહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય તેને સત્સંગમાં દાસાનુદાસ થઈને રહેવું. ભગવાનના ભક્ત સાથે મીનસ્નેહી જળ તેવું હેત રાખવું."

અર્થાત્ જેને દાસ થતા ન આવડે એને મૂર્તિનું સુખ કદાપિ ન મળે. સત્સંગમાં સૌની આગળ દાસ થવાનો પ્રારંભ ઘરમાંથી કરવો. ઘરના સભ્યો સાથે બરોબરિયાપણું કે દાદાપણું રહે છે. બહુધા એમની સાથે જ રહેવાનું થતું હોય છે. માટે પહેલાં ઘરમાં દાસ થવાનો પ્રારંભ કરવાથી સત્સંગમાં સૌના દાસ થવું સહેલું થઈ જાય.

ક્રિકેટની ફાઇનલ મૅચમાં રમતા પહેલાં ઘરની પીચ ઉપર અર્થાત્ પ્રૅક્ટિસની પીચ ઉપર રમવું પડે. તેમ સત્સંગમાં સૌને વિષે દાસત્વભાવ કેળવતા પહેલાં ઘરની પીચ પર (પરિવારના સભ્યો આગળ) દાસત્વભાવ કેળવવો. દૃઢ સંકલ્પ કરો કે મારે રાજીપો કમાવવા માટે પ્રથમ પરિવારના સભ્યોના અને પછી સત્સંગમાં સૌના દાસ થવું છે. પોતાનામાં ગમે તેટલા ગુણ હોય તોય સત્સંગના પ્રતાપથી મારામાં આ ગુણો છે એમ સમજવું. પોતે ઈશ્વર જેવા સમર્થ હોય તોય હરિભક્ત આગળ તેનું જાણપણું ન આવવા દેવું તો તેને ક્યારેય વિઘ્ન ન આવે.

#### (૨) સૌના ગુણોનું ગાન કરવું :

ગુણોનું ગાન કરવાથી આત્મા બ્રહ્મરૂપ થઈ જાય છે. અતિશે બળિયો થઈ જાય છે. ગુણો ગાવાથી જેના ગુણ ગવાય છે તે પોતા થકી અધિક મનાય છે અને સહેજે દાસત્વભાવ કેળવાય છે. માટે રોજ એક વ્યક્તિના તો ગુણાનુવાદ કરવા જ.

#### (૩) સમજણ :

'સૌ મારા કરતાં અધિક છે, હું સૌથી ન્યૂન છું.' – આ વિચારે દાસત્વપણું આવે. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, "પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે ને એમ જાણે જે, એ સર્વે ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું, એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે ને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે ને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે."

હું મોટો, બીજા નાના. હું સમજુ, બીજા અણસમજુ. હું અધિક, બીજા ન્યૂન. આ જગતના જીવની રીત છે. જ્યારે 'સૌ મારા કરતાં અધિક છે, હું ન્યૂન છું.' આ સત્સંગની રીત છે. એ રીતને આપણી કરવી.

#### (૪) સૌનો પરભાવનો મહિમા સમજવો :

સૌ અનાદિમુક્તો જ છે. કોઈને વિષે દેહદૃષ્ટિ ન પરઠવી.

મારી પત્ની, મારો દીકરો એવો ભાવ પણ ન રાખવો; તો જ પરિવારના સભ્યોના દાસ થવાય. જો દેહદૃષ્ટિ રહેશે તો તેમને તુંકારે બોલાવાશે. માયિક હેત રહેશે. તેમના દાસ નહિ થવાય. માટે સૌની સાથે તમે, તમારે, લાવો, લ્યો એ રીતે વાણીએ કરીને, વર્તને કરીને માનથી જ વ્યવહાર કરવો. બોલવામાં માત્ર માનથી બોલાવ્યે હેતુ નહિ સરે, દૃષ્ટિ બદલી નાખવી.

આ માત્ર બોલવામાં નથી રાખવું. જેમ “દયાળુ” અને “મહારાજ” એ ભાવથી બોલાવવા એ આપણી આગવી ઓળખ છે એવી રીતે બધાનાં પરભાવની દૃષ્ટિએ દર્શન કરી માનથી બોલાવવા એ આપણી આગવી ઓળખ બનાવીએ. નાના હોય કે મોટા; બાળકોને પણ માનથી જ બોલાવવા એવો દૃઢ સંકલ્પ કરી તેની પ્રૅક્ટિસ ચાલુ કરી દો. દાસત્વપણું આવવા માંડશે.

**(૫) મૂર્તિમાં રહેતા શીખવું :**

દાસત્વપણું કેળવવાનો સર્વશ્રેષ્ઠ અને કાયમી ઉપાય મૂર્તિમાં રહેતા શીખવું. મૂર્તિમાં જેમ જેમ રહેવાશે એમ એમ ઓટોમૅટિક દાસત્વપણું આવશે. કારણ, મૂર્તિમાં રહે તેને કોઈ પોતાપણું ન રહે એટલે સહેજે દાસ થઈને રહેવાય.

**દાસત્વભાવ કેળવવા આટલું લેસન તો કરીએ જ :**

૧. ઘરના સૌ સભ્યોએ દિવસમાં ૧૫ મિનિટ સાથે બેસી “દાસ થાવું રે સૌના...” કીર્તનનું રોજ ગાન-મનન કરવું.
૨. રોજ એકાદ-બે વ્યક્તિના ગુણોનું ગાન કરવું. અવગુણની વાત ન કરવી.
૩. કોઈને તુંકારે ન બોલાવવા.
૪. ઘરમાં ઠાકોરજીના થાળનાં વાસણ ઘસવાં અથવા મહારાજની એકાદ સેવા કરવી.
૫. ઘરમાં નીચી ટેલની સેવા કરવી.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પાનુસાર દાસત્વભાવનો ગુણ કેળવી એમને રાજી કરી લઈએ.

## જ્ઞાનસત્ર : ૧૬

● **તારીખ : તા. ૨૮ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૨, શુક્રવારથી મંગળવાર**

● **તિથિ : કારતક સુદ ત્રીજથી કારતક સુદ સાતમ**

● **દિવ્યવાણી : વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**

● **સમય : સવારે ૮થી ૧ ● સાંજે ૫થી ૮**

**: ખાસ નોંધ :**

**સમગ્ર જ્ઞાનસત્રનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. સર્વે હરિભક્તોએ મિત્ર-વર્તુળ પરિવાર સહિત અચૂક લાભ લેવો તથા અન્યને લેવડાવવો.**

**● શુભ સ્થળ ●**

**SMVS સ્વામિનારાયણ ધામ,**
**કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર, ૩૮૨૦૦૭.**

## દિવાળી ચોપડાપૂજન

શ્રી ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય સાંનિધ્યમાં દીપાવલીના દિવસે દર વર્ષે ચોપડાપૂજનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ તથા વિદેશના તમામ સેન્ટરોમાં તા. ૨૪-૧૦-૨૦૨૨ના રોજ સવારે ૮:૦૦થી ૧૦:૦૦ દરમ્યાન એકસાથે ઑનલાઈન Zoom દ્વારા ચોપડાપૂજનનો લાભ મળશે. જેમાં તમામ ગૃહસ્થ સત્સંગી વેપારીબંધુઓએ પોતાના નજીકના સેન્ટરમાં અગાઉથી નામ નોંધાવી દેવું. તેમજ આ દિવસે પોતાની સાથે વેપાર-ધંધાના, ઑફિસના કે ઘર માટેના ચોપડા, દૈનિક રોજમેળ, વાર્ષિક ખાતાવહી વગેરે લઈને અવશ્ય પધારવું. આ પ્રસંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદથી પૂ. સંતો તમામ ચોપડાને પ્રસાદીભૂત કરશે. આ અણમોલ અવસરે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**સમય :** સવારે ૮:૦૦થી ૧૦:૦૦

**સ્થળ :** સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર

**ખાસ નોંધ :** ચોપડાપૂજન બાદ સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમ્યાન સદ્. ઈશ્વરબાપા સ્મૃતિ દિન ઊજવાશે. જેનો લાભ એસ.એમ.વી.એસ. યૂ-ટ્યૂબ ચૅનલ પરથી લાઈવ કરવામાં આવશે.

સૌ મુક્તોએ પોતપોતાના સેન્ટરમાં અચૂક સમયસર પહોંચી આ લાભ લેવો અને લેવડાવવો. વધુ માહિતી માટે આપના સેન્ટરના અગ્રેસર મુક્તોનો સંપર્ક કરવો.





પાત્રતાની પારાશીશી દાસત્વભાવ જ છે.

# વચનામૃત સાર

## લોયા : ૨ (ભાગ-૧)

વચનામૃત એટલે ગ્રંથરાજ. શ્રીજીમહારાજે પોતાનાં ગૂઢ રહસ્યો આ ગ્રંથમાં વર્ણવ્યાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આ રહસ્યોને કેવળ કૃપા કરી પાંથીએ પાંથી છૂટા પાડીને સમજાવ્યા છે. આજે આપણે લોયાના બીજા વચનામૃતમાં સમાયેલા શ્રીજીમહારાજના રહસ્યોને સમજીને દૃઢતા તરફ આગળ વધીશું.

**વચનામૃત : પછી કીર્તનની સમાપ્તિ થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, સર્વે પરમહંસ સાંભળો : હું તમને એક પ્રશ્ન પૂછું છું. ત્યારે મુનિ બોલ્યા જે, હે મહારાજ ! પૂછો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ? અને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ?**



**વિશ્લેષણ :** મહારાજે અહીં બહુ હેતુસભર વાતની શરૂઆત કરી. આખી સભા બેઠી હતી. તેમ છતાં પરમહંસ કહેતાં સંતોને ઉદ્દેશીને વાતની શરૂઆત કરી. આવું કેમ કર્યું ? તો હવે મહારાજ જે વાત કરવા જઈ રહ્યા છે તે બહુ મુદ્દાની વાત છે. સંતો સમાજનું એંજિન છે, મૂળ છે. તેમનામાં જેવી સમજણ હોય તેવી હરિભક્તોમાં આવે.

હવે મહારાજ પ્રશ્ન પૂછે છે કે, "આ સત્સંગમાં હરિભક્તને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ? અને દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ?" અતિ અદ્‌ભુત પ્રશ્ન છે. સ્થૂળ દૃષ્ટિએ સરળ જણાતા આ પ્રશ્નમાં ઘણો મર્મ ભર્યો છે. પ્રશ્નનો બેઠો ઉતારો કરીએ તો એવું સમજાય કે સત્સંગમાં હરિભક્તને મરવાની બીક શું કરે તો ન રહે ? પરંતુ અહીં 'મૃત્યુનો ભય' શબ્દનો સંદર્ભ બહુ મોટો છે. અહીં મહારાજ પૂછી રહ્યા છે : કાળ, કર્મ, માયા, પાપ, યમદૂત – આ પાંચ પ્રકારના જીવને ભય છે. આ પાંચ પ્રકારના ભયથી મુક્ત ક્યારે થવાય ? કારણ કે જ્યાં સુધી જીવ આનાથી મુક્ત ન થાય ત્યાં સુધી જીવની જન્મમરણની ઘટમાળ ચાલુ રહે છે. જ્યાં સુધી આત્મા જીવદશામાં હોય ત્યાં સુધી તેણે કરેલાં કર્મ ભોગવવાં જ પડે, પાપ અને પુણ્યનું ખાતું ચૂકતે કરવું જ પડે,

**સત્પુરુષ મળે તો જ મોક્ષની હા પડે.**

તેના માથે કાળનું કર્તાપણું અને માયાનું બંધન હોય જ. કોટિ કલ્પેય પોતાના પ્રયત્નથી આમાંથી છૂટવું શક્ય નથી. પરંતુ જ્યારે આ જીવને ભગવાનના ધામમાંથી પધારેલા દિવ્ય સત્પુરુષનો યોગ થાય છે ત્યારે તેઓ જીવને વર્તમાન ધરાવી ક્ષણમાત્રમાં આ તમામ બંધનો, તમામ ભયથી છોડાવી ભગવાનના શરણે લઈ લે છે. ત્યારબાદ મુમુક્ષુ મોટાપુરુષના જોગ-સમાગમે કરીને મહારાજનું સ્વરૂપ અને પોતાનું સ્વરૂપ પિછાણે છે ત્યારે એને કૃતાર્થપણાનો અનુભવ થાય છે.


શ્રીજીમહારાજે પ્રશ્નમાં 'દેહ છતે જ પોતાનું કલ્યાણ મનાઈ જાય' એમ કહ્યું તે કૃતાર્થપણાની જ વાત છે. થોડી સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રશ્નને જોઈશું તો સમજાશે કે મહારાજે એક પ્રશ્નમાં બે પ્રશ્ન પૂછ્યા છે. પરંતુ ખરેખર બંને પ્રશ્નો અરસપરસ છે. કેવી રીતે? તો મૃત્યુનો ભય ક્યારે ટળે ? છતે દેહે મારું કલ્યાણ થઈ જ ગયું છે આવી સમજણ પાકી થાય તો. અને દેહ છતે જ પોતાનું કલ્યાણ ક્યારે મનાય ? મૃત્યુનો ભાર ટળી જાય તો અર્થાત્ કાળ, કર્મ, માયા, પાપ, યમદૂત આદિ તમામના ભયથી શ્રીજીમહારાજની ઉપાસનાના બળે કરીને મુક્ત થઈ જાય તો. તેમ છતાં પ્રશ્નને સરળ ભાષામાં સમજીએ તો મહારાજ એવું પૂછી રહ્યા છે કે સત્સંગમાં આવ્યા પછી કોઈ પણ હરિભક્તને મર્યા પછી મારું કલ્યાણ થશે કે નહીં? મૃત્યુ બાદ મારા જીવની શું ગતિ થશે ? આવા ભયમાંથી મુક્તિ ક્યારે મળે ? અને છતે દેહે મારું કલ્યાણ થઈ ગયું છે. આવું કૃતાર્થપણું ક્યારે મનાય ?

થોડું વિચારીએ કે મહારાજને આ પ્રશ્ન ક્યારે પૂછવો પડ્યો હશે ? જો સામે બેઠેલા સંતો-હરિભક્તો સૌ પોતાને કૃતાર્થ માનતા હોત તો આ પ્રશ્નની જરૂર જ નહોતી. પરંતુ તેમાંથી કેટલાકને મૃત્યુનો ભય રહેતો હશે કહેતાં આવા મહારાજ મળ્યા છતાં કલ્યાણની હા નહોતી પડતી. આથી મહારાજે આવી અણસમજણ ટળાવવા પ્રશ્ન પૂછ્યો છે. મહારાજ સ્વયં પુરુષોત્તમનારાયણ, અક્ષરધામના અધિપતિ, સર્વોપરી, સર્વાવતારી, સનાતન ભગવાન પોતે બિરાજતા હોવા છતાં પોતાના સંતો-ભક્તોમાં અકૃતાર્થપણું જુએ ત્યારે કેટલા દુઃખી થાય ! કરેલી સેવા-ભક્તિ શું કામની ? અકૃતાર્થપણે કરેલાં તપ-ત્યાગ, સાધન, સેવા, સમાગમ, ભજન-ભક્તિ આદિનું પૂરું ફળ શ્રીજીમહારાજ સુધી ન પહોંચે. દુઃખની વાત તો એ છે કે આ પ્રશ્ન અદ્યપિ પર્યંત સત્સંગમાં વણઉકલ્યો છે.

જ્યારે સમગ્ર સત્સંગના ઉપદેષ્ટાઓની એક સમજણ થશે ત્યારે જ મહારાજનો સંકલ્પ પૂરો થશે. બાકી વક્તા વક્તાએ જુદી સમજણ હોય તો હરિભક્ત સમાજની એક સમજણ ક્યાંથી થવાની ? એક સમજણ થવામાં શાસ્ત્રગ્રંથિ બહુ નડતી હોય છે. શ્રીજીમહારાજની વાણી પરાવાણી છે. જ્યારે સામે જેવો સમાજ બેઠો હતો તેવી વાત મહારાજને કરવી પડી છે. ઓછી પાત્રતાવાળા આગળ હલકી, તેમને પચે તેવી વાત કરી હોય અને ઊંચી પાત્રતાવાળા આગળ પોતાના સ્વરૂપની જેમ છે તેમ ભારે વાત પણ કરી હોય. હવે જો હલકી વાતને પકડીને મહારાજનો નિશ્ચય કરવા જાય તો સો જન્મેય કે અનંત જન્મેય મેળ ન પડે. અને ભારે વાત પકડે તો એક મિનિટમાં કામ થઈ જાય. એટલે જ તો બાપાશ્રીએ કહ્યું છે કે, 'લાખ-કરોડ જન્મ ધરો ને કાર્ય સત્સંગ કરો, પણ કારણ સત્સંગનો એક મિનિટનો જોગ અધિક છે.' ભારે શબ્દો અને ભારે વાતો પકડવાનો અને તે પ્રમાણે અનુસરવાનો સત્સંગ એટલે જ કારણ સત્સંગ. એ પકડાય અને સમજાય ક્યારે ? તો શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, **"આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિ બળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."**

આપણી પર બહુ મોટી કૃપા છે કે, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષ આપણને મળ્યા છે. તેમના જોગે આપણને મહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ થઈ છે. આજે એસ.એમ.વી.એસ. સમાજના કોઈ પણ બાળક, યુવાન કે વૃદ્ધને પૂછો કે, "તમારું કલ્યાણ થશે ?" તો સામે સિંહગર્જના કરશે કે, "અરે, મારા કલ્યાણની ક્યાં વાત કરો છો ? મારું કલ્યાણ તો થઈ ગયું છે પરંતુ જે જીવ ભાવે કરીને મારાં દર્શન કરશે, મારી વાત સાંભળશે એનું પણ મહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી કેવળ કૃપાએ પૂરું ન કરે તો એ મને મળ્યા શા કામના !?"

બસ, આવા દિવ્યપુરુષ આપણને મળ્યા છે તો સદાય કૃતાર્થપણામાં ડૂબેલા રહી એમને રાજી કરવા મંડ્યા રહીએ. (ક્રમશઃ)



# પ્રગટનાં પરમાણાં



"કળિયુગમાં ભગવાન પ્રગટ હોય ખરા?"

"ભગવાન તો સદાય પ્રગટ, પ્રગટ અને પ્રગટ જ છે."

"પરંતુ દેખાતા તો નથી."

"અરે, નિત્યપ્રત્યે અમે મંદિરમાં પ્રગટ ભગવાનની આરતી, સેવા-પૂજા કરીએ છીએ."

"એ તો સ્ટેચ્યૂ (પ્રતિમા) કહેવાય. જો એ જ ભગવાન હોય તો આપણી સાથે વાતો તો કરતા નથી."

"ભગવાન આપણી વાત સાંભળે પણ છે અને તેનો પ્રત્યુત્તર પણ આપે છે. પરંતુ આપણી પાસે તે સાંભળવાની પાત્રતા કે દૃષ્ટિ નથી."

આવી અનેક ચર્ચાઓ સત્સંગમાં તથા સમાજમાં થતી હોય છે. પ્રગટભાવની વાતને માનવી કે ન માનવી એ તો દરેક વ્યક્તિની પોતાની સમજણ પર આધાર રાખે છે. પરંતુ વાસ્તવિકતાએ શ્રીજીમહારાજ પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે જ. મહારાજના પ્રગટપણાના અનેક પ્રસંગો સંપ્રદાયમાં તો મોજૂદ છે જ પરંતુ વર્તમાનકાળે પણ મહારાજ અનેક હરિભક્તોના મનોરથો પૂરા કરતા હોય છે, તેમની પ્રાર્થનાને સાંભળીને વિકટ સંજોગોમાંથી ઉગારતા હોય છે. આવો જોઈએ એક પ્રસંગ દ્વારા.

ઘાટલોડિયાના (અમદાવાદના) યોગેશભાઈ મોદીના જીવનમાં બનેલી આ એક વાસ્તવિક ઘટના છે. તેઓ ગુજરાત મેલમાં ટિકિટ ચેકરની પોસ્ટ પર હતા. સાથે શેરબજારનો ધંધો પણ કરતા. એક વખત એક વ્યક્તિ પાસેથી તેમણે શેર માટે પચાસ હજાર રૂપિયા ઉછીના લીધા. તેના બદલામાં પચાસ હજારનો ચેક આપ્યો. સંજોગોએ પલટો લીધો. ધંધામાં ખોટ ગઈ. શેરનાં કાગળિયાં થઈ ગયાં. પાકતી તારીખે લેણદાર વ્યક્તિ બૅંકમાં ચેક વટાવી પૈસા લેવા ગઈ ત્યારે બૅંકના કેશિયરે કહ્યું કે, "સૉરી, એમનું (યોગેશભાઈ મોદીનું) બૅંક બૅલેન્સ ઝિરો છે માટે આપનો ચેક રિટર્ન થાય છે."

રિટર્ન થયેલ ચેક લઈ લેણદાર વ્યક્તિ યોગેશભાઈ મોદી

**પ્રભુની હાજરી ત્યાં દોષોની ગેરહાજરી.**

પાસે પહોંચી. યોગેશભાઈ ઈમાનદાર હોવાથી સત્ય હકીકત જણાવી દેતાં કહ્યું, ‘‘માફ કરજો, અત્યારે મારે સગવડ નથી. વ્યવસ્થા થાય એટલે બૅંકમાં પૈસા ભરી આપને ફરી ચેક લખી આપીશ.’’

તેઓ કેટલાક સંબંધી અને ઓળખીતાને મળ્યા. ઉછીના પૈસાની માગણી કરી જોઈ પરંતુ નિઃસહાય રહ્યા. લેણદારે થોડા દિવસ રાહ જોઈ. બે-ત્રણ વખત ઉઘરાણી માટે ધક્કા ખાધા પરંતુ પૈસાના કોઈ એંધાણ ન દેખાયા. તેમણે યોગેશભાઈને ધમકી આપતાં કહ્યું કે, ‘‘જો દસ દિવસમાં ચેક નહિ મળે તો અદાલતે ચડીશ.’’ આ શબ્દોએ યોગેશભાઈના હૈયાને ચિંતાગ્રસ્ત કરી દીધું. રાતની ઊંઘ હરામ થઈ ગઈ. નજર સમક્ષ અદાલતનાં પગથિયાં દેખાવા માંડ્યાં. આત્મહત્યાના વિચારોએ મનમાં ઘેરો ઘાલ્યો. બન્યું એવું જ કે દસ દિવસમાં પૈસા ન મળતાં લેણદારે કેસ કર્યો. મુદ્દતો પર મુદ્દતો ચાલી. કૉર્ટમાં ન્યાયાધીશે છેલ્લી મુદ્દતમાં ફરમાન (ચુકાદો) કર્યું, ‘‘મંગળવાર સુધીમાં યોગેશભાઈ લેણદારને પૈસા પરત નહિ કરે તો તેમને છ મહિનાની જેલની સજા ઘોષિત થશે.’’

ન્યાયાધીશના ચુકાદાએ યોગેશભાઈને બેશુદ્ધ બનાવી દીધા. બેશુદ્ધ મને પણ તેમણે ઘણાની આગળ ઉછીના પૈસાની માગણી કરી જોઈ. પરંતુ પરિશ્રમ પર પાણી ફરી વળ્યું.

હવે મહારાજ આગળ પ્રાર્થના કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. યુ.એસ.એ. રહેતા સત્સંગી હરિભક્ત જશુભાઈ બારોટના સાળા રમેશભાઈના યોગેશભાઈ ખાસ મિત્ર હતા. આથી તેઓ સત્સંગના યોગમાં આવી ગયેલા. તેઓ મંદિરના નાના-મોટા પ્રોગ્રામોમાં રજાના દિવસોમાં અવશ્ય હાજરી આપતા. તેઓને નિત્યપ્રત્યે મંદિરે મહારાજનાં દર્શનનો નિયમ હતો.

આથી તેઓને મંદિરે જઈ મહારાજ આગળ બેસી પ્રાર્થના કર્યા સિવાય બીજો કોઈ વિચાર સૂઝતો નહોતો. રવિવારનો દિવસ હતો. તેઓ ઘાટલોડિયા મંદિરે પહોંચ્યા. તેઓ મહારાજની મૂર્તિ આગળ બેસી ચોધાર આંસુએ કગરી પડ્યા, ‘‘હે મહારાજ, આપ તો અનંતના રક્ષણહાર છો. મારો એકમાત્ર આધાર છો. રક્ષા કરો, દયા કરો. જો મંગળવાર સુધીમાં પચાસ હજાર પૂરા જમા નહિ કરાવું તો મારે જેલના સળિયા ગણવા પડશે. આપ તો અતિ દયાળુ છો, તારણહાર છો, મારી રક્ષા કરજો.’’ તેઓ પ્રાર્થના કરી ઘરે ગયા.

તેઓ રાબેતા મુજબ બીજા દિવસે નોકરી પર ગયા. પરંતુ ચિંતામાં ને ચિંતામાં નોકરીમાં તેઓનું ચિત્ત ચોંટતું નહોતું. રાત્રિનો સમય હતો. ટ્રેન સુરતથી અમદાવાદ પરત આવી રહી હતી. આણંદ સુધી પહોંચ્યા હતા. છેલ્લા બે ડબ્બામાં તેમને ટિકિટ ચેક કરવાની બાકી હતી. તેથી ટિકિટ ચેક કરતાં કરતાં તેઓ છેલ્લા ડબ્બામાં પહોંચ્યા. બારણા આગળ જ એક ફાટેલાં-તૂટેલાં કપડાં પહેરેલો વીસેક વર્ષનો ગરીબ કિશોર સૂતેલો. યોગેશભાઈએ તેને જગાડીને કહ્યું,

‘‘ટિકિટ?’’

પેલા છોકરાએ ગંભીર સ્વરે કહ્યું, ‘‘નથી.’’

બે દિવસ પછીની ચિંતા અને કિશોરનો અપ્રામાણિકતાભર્યો વ્યવહાર જોઈ તેમને ગુસ્સો આવી ગયો. તેમણે કિશોરને લાફો મારી દીધો. તમાશાને તેડું ન હોય તેમ બધા લોકો ભેગા થઈ ગયા. યોગેશભાઈએ કહ્યું, ‘‘મફતમાં મુસાફરી કરવા મંડ્યા છો. તારે દંડ ભરવો પડશે.’’ કિશોરે જરા સ્વમાનપૂર્વક પૂછ્યું, ‘‘કેટલો દંડ ભરવો પડશે?’’

‘‘૩૦૦ રૂપિયા.’’ યોગેશભાઈએ કહ્યું.

આટલું સાંભળી કિશોર બાથરૂમમાં ગયો. પાંચ સેકન્ડમાં પરત ફરી યોગેશભાઈના હાથમાં પાંચસો પાંચસોની સો નોટોની થોકડી મૂકી દઈ તેણે બારણેથી કૂદકો મારી દીધો.

બધાને નવાઈ લાગી પરંતુ યોગેશભાઈના હૈયામાં ભય પેઠો કે, ‘લાંચ-રુશવતના મામલામાં મને ફસાવવાનું આ કોઈ કાવતરું તો નથી ને?’ તેમણે તરત જ ટ્રેનને ઊભી રાખવા સાંકળ ખેંચી. સમાચાર વહેતા કર્યા કે, ‘એક કિશોર ચાલુ ટ્રેનમાંથી કૂદી પડ્યો છે.’ ટ્રેનચાલક સુધી સમાચાર પહોંચ્યા ત્યાં સુધીમાં ટ્રેન એકાદ કિ.મી. આગળ નીકળી ગયેલી. ટ્રેન ઊભી રાખી યોગેશભાઈ સાથે કેટલાક માણસો પાછા ગયા. જઈને જોયું તો કિશોરની કોઈ ભાળ મળી નહીં. નજીકના સ્થાનિક રહેવાસીઓને પૂછપરછ કરી, ‘‘અહીં ટ્રેનમાંથી કોઈ છોકરાએ કૂદકો માર્યો હોય તેવું કાંઈ ધ્યાનમાં આવ્યું છે?’’

સ્થાનિક રહેવાસીઓએ કહ્યું, ‘‘ના સાહેબ, અમે ક્યારના અહીં વર્ક કરીએ છીએ. અમે કોઈ છોકરાને કે કોઈ માણસને આવતા-જતા જોયા જ નથી.’’

યોગેશભાઈની ચિંતા ગુણાંકમાં વધી. પચાસ હજારની તાતી જરૂરિયાત હતી. પરંતુ અજાણતા પચાસ હજારની થોકડી હાથમાં આવી ગઈ જે તેમને સાપના ભારા જેવી લાગતી હતી.

ટ્રેન અમદાવાદ સ્ટેશને પહોંચી. તેમણે અમદાવાદ જઈ કેસ નોંધાવ્યો. બીજા દિવસે સવાર સુધી રાહ જોઈ પરંતુ પચાસ હજારનો કોઈ કેસ નોંધાયો નહીં. મુખ્ય સાહેબે તેમને કહ્યું, ‘‘યોગેશભાઈ, આ પૈસા આપના

હાથમાં આવ્યા છે તો તે આપના જ કહેવાય. આપ જ રાખો.'' આટલું સાંભળતાં જ યોગેશભાઈના જીવમાં જાણે જીવ આવ્યો. હતાશા-નિરાશાથી ભાંગી પડેલું હૈયું નવપલ્લવિત થયું. તેમને અનુભૂતિ થઈ કે મહારાજે મારી પ્રાર્થના સાંભળી સમયે મારી રક્ષા કરી. તેઓને ટ્રેનમાં બનેલ ઘટના તથા તેનું ચિત્ર નજર સમક્ષ તરવરવા માંડ્યું : 'એ ગરીબ કિશોરનું દરવાજા આગળ સૂવું, ટિકિટ માટે ના પાડવી, મારું ગુસ્સે થવું, તેને લાફો મારી દંડ ભરવા કહેવું, તેનું ધીરજતાપૂર્વક બાથરૂમમાં જવું, અચાનક બહાર આવી ૫૦૦-૫૦૦ની સો નોટોની થોકડી મારા હાથમાં પકડાવી ટ્રેનમાંથી કૂદી પડવું, તુરત તપાસ કરવા છતાં તેની કોઈ ભાળ ન મળતાં સાહેબના મુખે 'આ પૈસા તમારા' એવું બોલાવવું. આજના ઘોર કળિકાળના સંપૂર્ણ સ્વાર્થી યુગમાં આવી ઘટના ઘટવી શક્ય જ નથી. ખરેખર મહારાજ પ્રગટ છે. મહારાજે જ મારી પ્રાર્થના સાંભળી મને સમયે દુઃખમાંથી ઉગારવા આવી ઘટનાનું નિર્માણ કર્યું હશે. આ અસામાન્ય ઘટના ઘટી ગઈ એ જ મહારાજનાં પ્રગટનાં પરમાણાં છે.' રાત્રિપ્રસંગની સ્મૃતિ કરતાં તેઓની આંખમાં આંસુ આવી ગયાં. મંગળવારની સવારે બૅંકમાં પચાસ હજાર રૂપિયા ભરી આવ્યા અને લેણદારને ચેક લખી આપ્યો. માથેથી છ માસની જેલની સજાનો ભય ટળ્યો.

બૅંકમાં પૈસા ભરી સીધા તેઓ ગુરુજી પાસે પહોંચ્યા. બનેલી સત્ય ઘટના ગુરુજીને જણાવી. મર્માળું હાસ્ય રેલાવતાં ગુરુજી બોલ્યા, ''દયાળુ, એ ગરીબ કિશોર નહોતો. કિશોર સ્વરૂપે ઘનશ્યામ મહારાજ તમારી મદદ કરી ગયા છે.''

આટલું સાંભળતાં યોગેશભાઈની આંખમાં આંસુ આવી ગયાં. તેઓ બોલી ઊઠ્યા, ''દયાળુ, મારાથી બહુ મોટો અપરાધ થઈ ગયો છે. મેં મહારાજને ગુસ્સામાં આવી લાફો મારી દીધો ! અને મહારાજે મને લાફાના બદલામાં પચાસ હજાર રૂપિયા આપી મને દુઃખમાંથી ઉગાર્યો ! મારો અપરાધ માફ કરાવો.''

ગુરુજીએ કહ્યું, ''યોગેશભાઈ, પ્રાયશ્ચિત્ત રૂપે એક નિયમ લ્યો કે આજથી કદી ગુસ્સો નહિ કરો. અને બીજું, આજે જ ઘનશ્યામ મહારાજની ગદ્ગદભાવે માફી માગી લો.''

વ્હાલા મુક્તો, મહારાજ પ્રતિમા સ્વરૂપે પ્રગટ છે અને દિવ્ય રૂપે પણ પ્રગટ જ છે. સદાય એમનો દિવ્યદૃષ્ટિરૂપી કૅમેરો આપણી પર મંડાયેલો જ છે. ત્યારે નિરંતર વિચાર રાખવો કે, 'મહારાજ મને જુએ છે, મહારાજને મારી બધી ખબર છે. મહારાજ મારા દુઃખને જાણે છે. હું એમનો છું માટે મારું અહિત ક્યારેય ન કરે. સદાય મારી રક્ષા કરશે જ.' આ વિચારે વિશ્વાસપૂર્વક મહારાજને પ્રાર્થના કરવી તો ભગવાન જરૂર ભક્તની વહારે આવે છે. તથા 'મહારાજ સદાય મારી ભેળા જ છે' એ વિચારે નિર્ભયપણે રહેવું. એથી આગળ પ્રતિલોમપણે દેહના સ્થાને હવે મહારાજ આવીને બિરાજી ગયા છે. મારે ને મહારાજને અણુમાત્ર નોખાપણું કે જુદાપણું નથી એવા કૃતાર્થપણાના વિચારે અખંડ આનંદમાં રહેવું એ જ મહારાજનો લક્ષ્યાર્થ મહિમા સમજ્યાનું માપદંડ છે.

## નૂતન વર્ષની આશીર્વાદ સભા

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુજ્ઞાથી બેસતા વર્ષના દિવસે એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ સેન્ટરોમાં આશીર્વાદ સભાનું આયોજન કરવું. જેમાં સંસ્થા લેવલે સંસ્થાના આદ્યસ્થાન વાસણા મંદિર ખાતે યોજાતી આશીર્વાદ સભાનો live webcast દ્વારા સમગ્ર હરિભક્ત સમાજને લાભ લેવડાવવો.

**● નૂતન વર્ષની આશીર્વાદ સભા ●**

**તા. ૨૬-૧૦-૨૦૨૨, સવારે ૭:૩૦થી ૮:૩૦**

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા, અમદાવાદ**



દરેક સેન્ટરોમાં આ આશીર્વાદ સભાનો લાભ લેવા માટે આપના નજીકના એસ.એમ.વી.એસ.ના મંદિરોમાં પૂ. સંતો તથા અગ્રેસરોનો સંપર્ક કરવો.

પોતાના જનની વ્હાલે, લાજ વધારી રાજ.

## નૂતન વર્ષે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન તથા આશીર્વાદ સભાની વિગત

આપણા સૌના જીવનના અતિ આનંદના સર્વોત્તમ પ્રસંગે, નૂતન વર્ષે આપણે ભગવાન સ્વામિનારાયણ, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતોના આશીર્વાદ અવશ્ય લેવા જોઈએ. એમના આશીર્વાદથી જ જીવનમાં સફળ અને સુખી થવાય. તો આ દિવ્ય લાભ રખે ચૂકતા...

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ સભા**

**સવારે ૭:૩૦થી ૮:૩૦ વાસણા**

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અન્નકૂટ આરતી**


સવારે ૫:૩૦ નરોડા

સવારે ૬:૩૦ ઘનશ્યામનગર

સવારે ૭:૩૦ વાસણા

સવારે ૧૦થી ૧૨ ગોધર

# Oh Miracle !




**વિરાટભાઈ** : દયાળુ, જય સ્વામિનારાયણ, what a miracle ! (આશ્ચર્યજનક વાત બની ગઈ !) તમારું નામ આદર્શ પ્રૉજેક્ટના લિસ્ટમાં વાંચી મારી તો ચાર આંખો થઈ ગઈ.

**અંગતભાઈ** : હા, તમને જ નહિ પણ ઘરમાં, સત્સંગમાં અને પૂ. સંતોને પણ અતિશે નવાઈ લાગે છે કે હવે હું આદર્શ પ્રૉજેક્ટનો સભ્ય બની ગયો છું. જ્યારે પહેલી વખત પૂ. સંતો આગળ પ્રપોઝલ મૂકી કે મારે આદર્શ પ્રૉજેક્ટમાં જોડાવું છે ત્યારે પૂ. સંતો તો અચંબામાં સરી પડ્યા. પણ તમે એ તો કહો કે હું AYPમાં જોડાયો તે તમને કેવી રીતે ખબર પડી ?

**વિરાટભાઈ** : Actually એમાં એવું હતું કે પૂ. સંતોએ સેવકને આદર્શ પ્રૉજેક્ટના સભ્યોનું updated list computerized કરવા આપેલું. તેમાં તમારું નામ વાંચી હું તો આંખો ચોળવા લાગ્યો. પછી થયું કે પૂ. સંતોએ ભૂલથી અનંતભાઈના બદલે અંગતભાઈ લખી નાખ્યું હશે તેમ વિચારી પૂ. સંતોને પૂછ્યું ત્યારે પૂ. સંતોએ કહ્યું, ‘‘દયાળુ, અમારી કાંઈ ભૂલ થતી નથી. અંગતભાઈએ પોતાના જીવનને turning point આપ્યો છે માટે કોઈ સંદેહ વિના નામ type કરી દો.’’ બસ, સેવા પૂર્ણ કરી નીકળતો હતો ત્યાં તમે મળ્યા.

**અંગતભાઈ** : વિરાટભાઈ, તમને નવાઈ લાગે જ તેની નવાઈ નથી કારણ કે મારો જન્મ જ કારણ સત્સંગમાં થયો છે. ઘરમાં મમ્મી-પપ્પા બધા જ ચુસ્ત કારણ સત્સંગી અને હું ચુસ્ત કુસંગી. પૂ. સંતો, આપ બધા મુક્તો મને મંદિરે, સભામાં આવવાનું કહી કહીને થાકી ગયા તોપણ હું આવતો નહોતો. હું સંપૂર્ણ રંગીલી દુનિયામાં જીવતો હતો. એક વખત મને મારા પપ્પા વડીલ સંતો પાસે લઈ ગયા ત્યારે મેં તેઓને પણ કહી દીધું કે, ‘‘ભગવાને જન્મ આપ્યો છે મોજશોખ ને જલસા કરવા. તમે જે ભગવાન ભજવાની વાત કરો છો, સત્સંગની વાતો કરો છો તે મર્યા પછી સુખ મળવાની વાતો છે; પણ અત્યારે શું ?’’ એમ કહી હું મોટા સંતોની આમાન્યા પણ નહોતો રાખતો.

**વિરાટભાઈ** : જો આપની ઇચ્છા હોય તો હું જાણી શકું કે આપને અચાનક સત્સંગનો રંગ કેવી રીતે લાગી ગયો ? અને એમાંય આદર્શ પ્રૉજેક્ટમાં જોડાવાનું મન કેવી રીતે થયું ?

**અંગતભાઈ** : વિરાટભાઈ, અત્યાર સુધી મારી life worthless (ક્ષુલ્લક) પસાર થતી હતી. ખાઓ, પીઓ, વિષયમાં ચકચૂર રહો. પરંતુ છ

મહિના પૂર્વે મારા જીવનમાં એક બહુ જ મોટો turning point આવ્યો. મને મારાં mother જોડે ખૂબ હેત હતું. અચાનક એક બીમારીના કારણે મહારાજની ઇચ્છાથી તેઓ મૂર્તિસુખે સુખિયા થયાં. તેઓને દવાખાનેથી ઘરે લાવ્યા ત્યાં સુધી તો અંતરમાં માત્ર દુઃખ હતું. પરંતુ જ્યારે અંતિમક્રિયા ચાલતી હતી ત્યારે અંતર વલોવાઈ ગયું. જે દેહની પાછળ, દેહના સગાંની પાછળ જીવન ઘસી નાખીએ છીએ તે તો અંતે રાખ જ થઈ જવાનું ને ? એમ નાશવંતપણાના વિચારો આવવા લાગ્યા. ધીરે ધીરે સંસાર-વ્યવહાર પરત્વેથી મન ઉદાસ રહેવા લાગ્યું.

**વિરાટભાઈ :** પણ કિશનકાકા તો everfresh જ હતા.

**અંગતભાઈ :** હા, પપ્પા તો ગુરુજી તથા પૂ. સંતોના સમાગમે કરીને ખૂબ સમજણવાળા છે પરંતુ મારી હાલત કફોડી થઈ ગઈ હતી. ક્યારેક ક્યારેક સત્સંગનો લાભ લીધેલો તેથી અંતરમાં એવું થતું હતું કે આ આખી દુનિયા નાશવંત છે. એમાં એક દિવસ પપ્પા સવારે ગુરુજીની સભાનો લાભ લેતા હતા. તેમાં પ્રગટભાવની વાત આવી ત્યારે મને સાંભળીને ખૂબ સારું લાગ્યું. એ વાત મારા હૃદયને સ્પર્શી ગઈ. તે સભામાં ગુરુજીએ પ્રગટભાવ દૃઢ કરવાના ઉપાયો જણાવ્યા અને મેં તે પ્રમાણે મારા જીવનમાં apply કરવાનું ચાલુ કર્યું.

**વિરાટભાઈ :** કયા ઉપાયો હતા ? મને કહેશો તો હું પણ એ મુજબ વર્તીને ગુરુજીનો રાજીપો કમાઈ શકું.

**અંગતભાઈ :** પહેલો ઉપાય છે : પ્રાર્થના. મહારાજની મૂર્તિને વિષે અતિશે પ્રગટભાવ કેળવીને પ્રાર્થના કરવી. મહારાજ પ્રગટ અને પ્રત્યક્ષ છે. મારી પ્રાર્થના સાંભળે જ છે એવા દૃઢ વિશ્વાસ સાથે પ્રાર્થના કરીએ તો મહારાજ જરૂર રાજી થાય. મેં દરરોજ ફૅક્ટરીએ જઈ મારી કૅબિનના દરવાજા બંધ કરી મહારાજની મૂર્તિ આગળ પ્રગટભાવે ઉચ્ચ સ્વરે પ્રાર્થના કરવાની શરૂઆત કરી.

**વિરાટભાઈ :** અત્યારે પણ ચાલુ છે ?

**અંગતભાઈ :** હા, આ મારો નિત્યક્રમ થઈ ગયો છે. છેલ્લા ચાર મહિનાથી હું નિયમિત પ્રાર્થના કરું છું.

**વિરાટભાઈ :** તેનાથી કાંઈ ફેર પડે છે ?

**અંગતભાઈ :** ફેરની ક્યાં વાત કરો છો ? મારા જીવનનું પરિવર્તન પ્રાર્થનાને જ આભારી છે. પહેલાં કોઈ મુશ્કેલી આવતી ત્યારે પણ પપ્પાના કહેવાથી હું ઘણી વાર પ્રાર્થના કરતો પણ મને કોઈ result મળતું નહીં. કારણ કે મને પ્રતિમા સ્વરૂપે મહારાજ પ્રગટ-પ્રત્યક્ષ છે એવો ભાવ નહોતો. જ્યારે હવે તો મહારાજ સાક્ષાત્ જ છે, પ્રગટ અને પ્રત્યક્ષ જ છે એ ભાવ રહે છે તો વાત જ જુદી બની ગઈ છે.

**વિરાટભાઈ :** ગુરુજીએ બીજો કયો ઉપાય જણાવ્યો હતો ?

**અંગતભાઈ :** બીજું ગુરુજીએ જણાવ્યું હતું કે, મહારાજ અને મોટાપુરુષ સાથે ખૂબ વાતો કરો. તેનાથી મહારાજ અને મોટાપુરુષ સાથે ખૂબ નિકટતા કેળવાશે. ત્યારબાદ હું પૂજામાં વાતો કરતો થયો. અને હવે તો જ્યારે એકલો પડું એટલે અવરભાવમાં મૂર્તિ હોય કે ન હોય તોપણ મહારાજ અને મોટાપુરુષ સાથે દિવ્યભાવે વાતો કરું છું.

**વિરાટભાઈ :** શું વાતો કરો છો ? અને કેવી રીતે વાતો કરો છો ?

**અંગતભાઈ :** જેમ કોઈ best friendને આપણે બધી જ વાત share કરીએ તેમ મહારાજ ને મોટાપુરુષ મારા best friend બની ગયા છે. તેથી તેમની સાથે બધી જ વાતો share કરું છું. ફૅક્ટરી કે ઘરમાં કોઈ પ્રસંગ બન્યો હોય તે કહું તથા કોઈ બાબતના નિર્ણયો લેવાના હોય ત્યારે પણ મહારાજને જ પૂછું. કોઈની સાથે અણબનાવ થયો હોય તે પણ કહું. મહારાજના રાજીપામાં વર્તાયું હોય તે પણ કહું અને ન વર્તાયું હોય તે પણ કહું. મને તો મહારાજ સાથે વાતો કરવામાં બહુ સુખ આવે છે.

**વિરાટભાઈ :** બીજી વાતો તો ઠીક પણ કોઈ બાબતનો નિર્ણય મહારાજને પૂછો તો ખરેખર મહારાજ જવાબ આપે ?

**અંગતભાઈ :** આપે જ. તે કેવી રીતે આપે ? તે અનુભવનો વિષય છે. આપણને રીતસર અનુભવાય કે મહારાજે જ જવાબ આપ્યો અને તે પ્રમાણે કરીએ તો સફળતા મળે જ. હું તમને મારા જીવનમાં બનેલા એકાદ પ્રસંગ કહું.

હું રાતનો રાજા. રાત્રે ૨ વાગ્યા સુધી જાગી શકું પણ મારી સવાર ૯ વાગ્યે પડે. ૧૦ વાગ્યે ઑફિસે માંડ માંડ પહોંચું. વહેલા જાગવાના કેટલા પ્રયત્નો કર્યા હશે, ઘરવાળાં મોં પર ઠંડું પાણી રેડે તોય ઊંઘ ન ઊડે. પણ મહારાજને પ્રગટભાવે ખૂબ પ્રાર્થના કરવાની શરૂ કરી તો પહેલી જ વખતમાં ૮ વાગે મહારાજે મને જગાડી દીધો. ધીરે ધીરે વહેલા ઊઠતાં ઊઠતાં હાલ ૫:૩૦ વાગ્યે મહારાજ જગાડી દે છે અને મંગળા આરતીમાં નાહી-ધોઈને દર્શન કરવા જવાય છે. આ બધો પ્રતાપ પ્રગટભાવની પ્રાર્થના પર આધારિત છે. આવા તો ઢગલાબંધ અનુભવો મને આજ સુધી થયા છે. ખરેખર મહારાજ પ્રગટ અને પ્રત્યક્ષ છે જ આ કહેતા કહેતી વાત નથી. સત્ય સનાતન હકીકત છે. આજે હું સત્સંગના માર્ગે આગળ વધ્યો છું, મને આદર્શ પ્રૉજેક્ટમાં જોડાવાની પ્રેરણા મળી છે, જગતસંબંધી વિચારો બંધ થઈ મહારાજ ને મોટાપુરુષને રાજી કર્યાના તથા સત્સંગના વિચારો આવે છે તે બધાનું કારણ મહારાજ જ છે. ખરેખર મહારાજ પ્રગટ અને પ્રત્યક્ષ જ છે.

**વિરાટભાઈ :** Thank you અંગતભાઈ, તમે મને સ્થિતિના માર્ગે આગળ વધવાની એક Key આપી. એ પણ Practical-અનુભવ કરીને. Thank you so much.

**અંગતભાઈ :** તમે મારી સાથે વાત કરી, મને બહુ સારું લાગ્યું. ચાલો ત્યારે, સંધ્યા આરતીનો સમય થયો છે.

**વિરાટભાઈ :** હા, ભલે દયાળુ, જય સ્વામિનારાયણ. રાજી રહેજો.

**અંગતભાઈ :** રાજી રહેજો, જય સ્વામિનારાયણ.



# ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીનું USA, Canada તથા UK ખાતે સત્સંગ વિચરણ

'સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ.' આ સિદ્ધાંતના પ્રવર્તન માટે ગુરુજીનું પ્રાગટ્ય છે. આ સિદ્ધાંતોના પ્રવર્તન માટે અવરભાવની ૬૩ વર્ષની ઉંમરે પણ રાત્રિ-દિવસ જોયા વિના ગુરુજીએ અમેરિકા, કૅનેડા તથા UK આ ત્રણેય દેશોમાં સળંગ ૩૬ દિવસનું વિચરણ કરી ત્રણ ત્રણ વર્ષથી કોરોનાકાળના વિયોગે ગુરુજીનાં દર્શન-સ્પર્શ-સેવા-સમાગમની તત્પરતાથી રાહ જોતા ભક્તોને ખૂબ ખૂબ સુખિયા કર્યા. જેનો આંખે દેખ્યો અહેવાલ અત્રે માણીએ...

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સાથે સંતોમાં પૂ. રાજીપાસ્વામી તથા પૂ. સરળસ્વામી અને હરિભક્તોમાં પ.ભ. શ્રી જીગરભાઈ પટેલ તથા પ.ભ. શ્રી હર્ષ પ્રકાશભાઈ પટેલને લાભ મળ્યો હતો.

તા. ૨૭ જુલાઈ, ૨૦૨૨ ને બુધવારના રોજ વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી તથા પૂ. સંતોએ એરપોર્ટ જવા માટે પ્રસ્થાન કર્યું.

વ્હાલા ગુરુજીનું ૩૬ દિવસીય વિદેશ વિચરણ આ મુજબ યોજાયું હતું :

તા. ૨૭ જુલાઈથી તા. ૩૧ જુલાઈ : બોસ્ટન વિચરણ
તા. ૩૧ જુલાઈથી તા. ૪ ઑગસ્ટ : જર્સીસિટી-એડિસન વિચરણ
તા. ૪ ઑગસ્ટથી તા. ૮ ઑગસ્ટ : ઍટલાન્ટા વિચરણ
તા. ૮ ઑગસ્ટથી તા. ૧૭ ઑગસ્ટ : ટોરન્ટો વિચરણ
તા. ૧૭ ઑગસ્ટથી તા. ૨૨ ઑગસ્ટ : ચેરીહિલ-એડિસન વિચરણ
તા. ૨૨ ઑગસ્ટથી તા. ૩૧ ઑગસ્ટ : લંડન વિચરણ

## દિવ્ય અને ભવ્ય આગમનો

ગુરુજી ગુરુસ્થાને બિરાજ્યા ત્યારબાદ સૌપ્રથમ વખત ગુરુજીનું નોર્થ અમેરિકા અને લંડન ખાતેનું વિચરણ હતું જેથી સૌને ગુરુજીને ઉમળકાભેર વધાવવાનો અને આવકારવાનો હૈયે આનંદ હતો. આથી ગુરુજી ત્રણેય દેશોમાં જે જે સેન્ટરોમાં પધાર્યા ત્યાં ત્યાં સંતો અને હરિભક્તોએ વિધ વિધ આયોજનો દ્વારા ગુરુજીનું સ્વાગત કર્યું હતું.

ગુરુજી અમેરિકા ખાતે પ્રથમ બોસ્ટનની ભૂમિને પાવન કરવા માટે પધાર્યા હતા. જેથી બોસ્ટનના હરિભક્તોને વિશેષ આનંદ હતો. બોસ્ટનના હરિભક્તો મોટી સંખ્યામાં ગુરુજીને વધાવવા માટે એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. ગુરુજીએ પણ સૌના પૂજન-અર્ચનને સ્વીકારી ભેટણ લીલાનો લાભ આપી રાજીપો વરસાવ્યો અને આશીર્વર્ષા પણ કરી હતી. એવી જ રીતે ગુરુજી જર્સીસિટી પધાર્યા ત્યારે સંતો અને હરિભક્તોએ સામૈયા રૂપે અનંત જીવોને દર્શન થાય તે મુજબ ભક્તિયાત્રા સ્વરૂપે ગુરુજીનું સ્વાગત કર્યું હતું. તો વળી, એડિસનના હરિભક્તોએ લહેરાતા ધ્વજો અને આતશબાજી દ્વારા ગુરુજીને વધાવ્યા. એ જ રીતે, ઍટલાન્ટામાં તો સંતો-હરિભક્તો એરપોર્ટના વ્યવસ્થાપકોને મહિમા સમજાવી એરપોર્ટની અંદર જ આવી પહોંચ્યા હતા. ગુરુજીનાં દર્શન થતાં જ હરિભક્તોએ એકસાથે ગુરુજીને દંડવત કર્યા ત્યારે એરપોર્ટમાં આજુબાજુમાં રહેલા લોકો બે હાથ જોડી ગુરુજીને વંદી રહ્યા.

**'જોજો તો ખરા...' આ શબ્દો અનંત બ્રહ્માંડોમાં ગાજી રહ્યા છે.**




Welcome to Boston
Gateway to New England
boston logan






Gates C70 - C99
Terminals A B



















એ જ રીતે, ચેરીહિલ ખાતે ગુરુજીને આતશબાજી અને રંગોળી દ્વારા વધાવ્યા. તો વળી, કૅનેડાના સંતો-હરિભક્તોએ ભવ્યતાભેર પરેડ, રંગોળી, આતશબાજી, પુષ્પવૃષ્ટિ આદિ સર્વે બાબતોનો સમન્વય કરી ગુરુજીના આગમનને વધાવ્યું. અને લંડનના હરિભક્તોએ તો દીકરો જાણે 'મા'ને મળવા ઉત્સુક બન્યો હોય તેમ ગુરુજીનાં દર્શન થતાં જ સેંકડો હરિભક્તો ગુરુજીને ચારેબાજુથી સ્નેહભીના બની વળગી પડ્યા. ગુરુજીએ એરપોર્ટ ઉપર જ સૌને સુખિયા કરી દીધા. આવી રીતે ગુરુજી જ્યાં જ્યાં પધાર્યા ત્યાં સૌએ વધાવ્યા પરંતુ હરિભક્તો કરતાં પણ ગુરુજીને સર્વે દેશોના હરિભક્તોનાં દર્શન મળ્યાનો અનેકગણો આનંદ જણાતો હતો અને ગુરુજીના મુખમાંથી એક જ વચન સરી પડતું, "આપ બધાનાં દર્શનથી બહુ આનંદ થયો."

### મહિમાભર્યા ગુરુવંદનાના પ્રોગ્રામો

ગુરુપદે બિરાજ્યા બાદ નોર્થ અમેરિકા ખાતે ગુરુજી પ્રથમ વખત પધાર્યા હોવાથી ઠેર ઠેર ગુરુવંદના કાર્યક્રમો યોજાયા હતા. સૌપ્રથમ બોસ્ટન ખાતે તા. ૨૮ જુલાઈ, ૨૦૨૨ના રોજ ગુરુવંદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સૌ કોઈ મુક્તોને વ્હાલા ગુરુજીના પૂજન-અર્ચનનો અણમોલ લાભ મળ્યો હતો. પૂ. સંતો દ્વારા ગવાયેલ ગુરુમહિમાથી સૌ કોઈ ગદ્‌ગદિત થયા હતા. વ્હાલા ગુરુજીએ પણ દાસત્વભાવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, "આપ સૌ અમને ગુરુ ગુરુ કહો છો, પરંતુ અમે કદી અમને ગુરુ છીએ એવું માનતા નથી. હું તો તમારા સૌનો દાસ છું."

આ જ રીતે ઍટલાન્ટા તથા કૅનેડા ખાતે પણ વ્હાલા ગુરુજીના પૂજન-અર્ચનનો અણમોલ લાભ પ્રાપ્ત થયો હતો. વ્હાલા ગુરુજીએ સૌ ભક્તો ઉપર રાજી થઈને પોતાના સ્વહસ્તે તેમના ખિસ્સામાં ડ્રાયફ્રૂટની પ્રસાદી આપી હતી અને જણાવ્યું હતું કે, **"અંતકાળે પણ જે આ લીલા સંભારી રાખશે તેનું જરૂર પૂરું કરીશું."**

આ ઉપરાંત આ પ્રોગ્રામમાં કિશોરમુક્તોએ વિવિધ પ્રકારની દૈનિક જીવન ઉપયોગી સ્કિટ, પ્રેરણા પ્રસંગ તથા આત્મબુદ્ધિભર્યાં કીર્તનો અને હૃદયસ્પર્શી પ્રાર્થનાઓ વગેરે કાલાવાલા કરી ગુરુજીને રાજી કર્યા હતા તથા વ્હાલા ગુરુજીએ પણ સર્વે કિશોરમુક્તોને ભેટીને અંતરનો રાજીપો આપ્યો હતો. આમ, ગુરુવંદનાના પ્રસંગે બોસ્ટનમાં લગભગ ૧૭૫, ઍટલાન્ટામાં ૧૯૫ તથા કૅનેડામાં ૪૫૦થી વધુ હરિભક્તો મોટાપુરુષના સેવનની અદ્‌ભુત રીત શીખીને કૃતકૃત્ય બન્યા હતા.

### પ્રાતઃ સભાઓ તથા સત્સંગ શિબિરો

દરરોજ સવારે ૬ વાગે મંગળા આરતી બાદ તુરત જ વ્હાલા ગુરુજી લાભ લેવા પધારેલ મુમુક્ષુ હરિભક્તોને અંગત લાભ આપવાનું શરૂ કરી દેતા અને હરિભક્તો પણ ગુરુજીને રાજી કરવા માટે વહેલી સવારથી આવી પહોંચતા. સવારે લગભગ સવા છ વાગ્યાથી શરૂ થયેલ મંગળા આરતી તથા જ્ઞાન અને ધ્યાન સભાઓનો લાભ લગભગ ૮:૩૦ વાગ્યા સુધી ચાલતો. ત્યારબાદ ૯ વાગે શરૂ થયેલ પ્રાતઃ સભાઓનો લાભ લગભગ ૧૧ વાગ્યા સુધી ચાલતો. મૂર્તિના સુખનો મહારસ પ્રદાન કરનાર વ્હાલા ગુરુજીના મુખે ધ્યાનમાં સફળતાની રીત, ઉપાસના-નિષ્ઠા, જીવનધ્યેયની દૃઢતાના તથા આધ્યાત્મિક જીવનમાં આગળ વધવાની દિશાના સચોટ ઉપાયો પ્રાપ્ત કરવા મુમુક્ષુઓ પણ એક સ્થાને સ્થિર બેસી એકચિત્તે વ્હાલા ગુરુજીની દિવ્યવાણીમાં મગ્ન બનતા. માત્ર એક-બે દિવસ નહિ પરંતુ રોજનો આ નિત્યક્રમ રહેતો.

એમાંય જ્યારે શિબિર હોય ત્યારે તો આ દિવ્યપુરુષનો આગ્રહ ચરમસીમાએ પહોંચતો. સવારના ૮ વાગ્યાથી શરૂ થયેલ કથાવાર્તાનો અસ્ખલિત પ્રવાહ લગભગ બપોરના ૨ વાગે વિરમતો. એ જ રીતે સાંજે ૪ વાગ્યાથી શરૂ થયેલ કથાવાર્તા રાત્રે લગભગ ૮:૩૦ વાગે વિરમતી. આમ, સળંગ લગભગ ૧૧થી ૧૨ કલાકથી પણ વધુ કથાવાર્તાનો લાભ આપતા. એમાં વ્હાલા ગુરુજી અવરભાવની ઊંઘ, ભૂખ, થાકને તો ગણતા જ નહીં. કેવળ હરિભક્તોને બળિયા કરવાનો જ એકમાત્ર આગ્રહ જણાતો.

આ શિબિરોમાં 'સત્સંગનું ફળ : રાજીપો', 'રાજીપાની રીત', 'પંચવર્તમાનનું મહત્ત્વ' તથા 'પોતાપણાની બુદ્ધિ' જેવા વિષયો ઉપર લાભ આપીને વ્હાલા ગુરુજીએ બોસ્ટનમાં લગભગ ૧૨૦, જર્સીસિટીમાં ૧૫૦, એડિસનમાં ૮૫, ઍટલાન્ટામાં ૧૭૫ તથા કૅનેડામાં ૨૮૫થી વધુ હરિભક્તોને સત્સંગમાં આગળ વધવા માટેની દિશા આપી હતી.

### આદર્શ પ્રૉજેક્ટ શિબિરો

આ વિચરણમાં અમેરિકા, કૅનેડા તથા લંડન ખાતે સૌપ્રથમ વખત વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં ત્રિ-દિવસીય આદર્શ પ્રૉજેક્ટ શિબિરનું આયોજન થયું હતું. અત્યાર સુધી એક જ શિબિરમાં બધાને લાભ મળતો હતો. પરંતુ અનાદિમુક્તની સ્થિતિ કરાવવાના પ્રચંડ સંકલ્પથી પધારેલા દિવ્ય સ્વરૂપ એવા ગુરુજી કેટલા ગરજુ ને ઉત્સુક બન્યા છે તેનાં દર્શન તો ત્યારે થયાં કે જ્યારે ગુરુજીએ જણાવ્યું કે, "આ વખતે ત્રણે દેશની જુદી શિબિરો કરવી છે." ધન્ય હો એ પુરુષને કે ત્રણે જગ્યાએ એકની એક જ વાત કરવાની છતાં કોઈ થાક કે કંટાળો નહીં. સામે વધુ ને વધુ આગ્રહ જણાતો. શિબિરનું સવારનું સેશન ૬ વાગ્યાથી શરૂ થતું. મંગળા આરતી અને પછી ધ્યાનથી જ ગુરુજીનો

**વિચારો પણ એક જીવંત શક્તિ છે.**







આગ્રહપૂર્વકનો લાભ શરૂ થતો તે બપોરના ૨ વાગ્યે તો ક્યારેક ૩ વાગ્યે થંભતો. બપોરનું ૧૨ વાગ્યાનું ભોજન ગુરુજીએ ૩ વાગ્યે કર્યું હોય અને સવારમાં જળ સિવાય કશું જ ન ધરાવ્યું હોય તોપણ એ પુરુષની સ્થિતિનાં દર્શન જ કંઈક જુદાં થતાં.

શિબિરમાં પ્રાતઃ સેશનમાં ગુરુજી મહારાજ-બાપાનો અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો કેવો પ્રબળ સંકલ્પ છે તે જણાવતા. વળી, 'અનાદિમુક્તની સ્થિતિ પામવા માટે જ મારો જન્મ છે.' આ જીવનધ્યેય દૃઢ કરાવતા. તો વળી, દેહ-આત્માની વિક્તિ, આત્માના વ્યવહાર તરફ લક્ષ્ય, મોટાપુરુષ સાથે પ્રીતિ, દેહભાવ ટાળવાનું મહત્ત્વ, મુમુક્ષુતા આદિ વિષયો ઉપર ગુરુજીએ બળપ્રેરક લાભ આપી સૌને સુખિયા કર્યા.

શિબિરના સવારના લાભની પુષ્ટિના હેતુથી નાના નાના ગ્રૂપમાં પૂ. સંતોના સાંનિધ્યમાં ગ્રૂપગોષ્ઠિનાં આયોજન થતાં. જેમાં પણ વ્હાલા ગુરુજી દરેક ગ્રૂપમાં સામે ચાલીને જઈને નિકટથી લાભ આપતા હતા. આ ગ્રૂપગોષ્ઠિમાં વ્હાલા ગુરુજી સાથે મુક્તકંઠે ચર્ચા તથા તેમના નિકટ સાંનિધ્યને પામીને હરિભક્તોએ અનેરું બળ પ્રાપ્ત કર્યું હતું. તા. ૧૭ ઑગસ્ટ ને બુધવારના રોજ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્મૃતિ દિન ઉપક્રમે વ્હાલા ગુરુજી તથા પૂ. સંતો-હરિભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્વજીવનમાં બનેલા સ્વાનુભવો પર અરસપરસ લાભ આપીને ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમામાં ગરકાવ બન્યા હતા તથા વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ કરેલા અનંત ઉપકારોની સ્મૃતિ કરી હતી.

સમગ્ર અમેરિકા દેશના જુદા જુદા પ્રાંતમાંથી આવેલા આદર્શ પ્રૉજેક્ટના સભ્યોની ચેરીહિલ ખાતે શિબિર યોજાઈ જેમાં લગભગ ૧૮૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. આ જ રીતે કૅનેડા તથા લંડનમાં યોજાયેલ ત્રિ-દિવસીય આદર્શ પ્રૉજેક્ટની શિબિરમાં અનુક્રમે લગભગ ૧૪૫ તથા ૧૨૫ જેટલા હરિભક્તો લાભ લઈને આદર્શતાના પાઠ શીખ્યા હતા.

**સેવા અને સત્સંગનું ફળ આપતા રાજીપાદર્શનના કાર્યક્રમો**

પૂ. સંતોએ સર્વે સ્વયંસેવક-કાર્યકરોને વ્હાલા ગુરુજીનો અંતરનો રાજીપો મળી રહે તે હેતુથી રાજીપાદર્શન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં નિયમિત તથા આદર્શતાથી સેવા કરનાર તમામ આબાલવૃદ્ધ મુક્તોને આવરી લેવાયા હતા. સૌપ્રથમ વ્હાલા ગુરુજીએ સેન્ટરની સેવા સંભાળતા પૂ. સંતોને ભેટીને રાજીપો આપ્યો હતો.

ત્યારબાદ નિયમિત મંદિરે દર્શને આવનાર દર્શનાર્થી મુક્તો, મંદિરમાં રાત્રે પોઢવા આવનાર મુક્તો, મંદિરમાં ફ્રૂટ, દૂધ, શાકભાજી વગેરેની નિત્ય સેવા કરનાર મુક્તો, મંદિરની સ્વચ્છતા કરનાર તથા વાસણ ઘસનાર મુક્તો, રસોઈની સેવા સંભાળનાર મુક્તો, બાળ સંચાલકો, કિશોર સંચાલકો તથા યુવા પ્રવૃત્તિની સેવા બજાવનાર તમામ સંચાલકો-કાર્યકરોને નિકટથી દર્શન-આશીર્વાદનો લાભ તથા સ્વહસ્તે પ્રસાદી

**જેટલું આચરણ શ્રેષ્ઠ એટલું જ જીવન શ્રેષ્ઠ ગણાય છે.**








આપીને રાજીપાવર્ષા કરી હતી. આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ નાનામાં નાની સેવા કરનાર મુક્તોને પણ યાદ કરી કરીને રાજીપામાં ભેળા રાખ્યા હતા. અત્યાર સુધીના સમયમાં પૂ. સંતોના ઉતારાની તથા નાની-મોટી યેનકેન પ્રકારે સેવા કરનાર તમામ મુક્તોને વ્હાલા ગુરુજીએ આશીર્વચનો પાઠવ્યાં હતાં.

આમ, આ રાજીપાદર્શન કાર્યક્રમમાં વ્હાલા ગુરુજીએ બોસ્ટનમાં લગભગ ૮૦, જર્સીસિટીમાં ૧૨૫, એડિસનમાં ૪૫, ઍટલાન્ટામાં ૯૫, કૅનેડામાં ૧૬૦ તથા લંડનમાં ૧૨૦થી વધુ પુરુષ હરિભક્તોને પ્રત્યક્ષ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. જ્યારે મહિલા વર્ગને દિવ્ય સંકલ્પો દ્વારા આશીર્વચનોમાં ભેળાં રાખ્યાં હતાં.

### દિવ્ય પાટોત્સવ પ્રોગ્રામો

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ક્રમશઃ દરેક મંદિરના પાટોત્સવના પ્રોગ્રામો પણ યોજાયા હતા. તા. ૩૦ જુલાઈ, શનિવારના રોજ બોસ્ટન મંદિરનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ રંગેચંગે ઊજવાયો હતો. આ પાટોત્સવ પ્રસંગે વ્હાલા ગુરુજીએ 'મંદિર અને સત્પુરુષની જરૂરિયાત' વિષય પર લાભ આપી સૌને મહિમા આકારે કર્યા હતા. જેમાં ૨૫૦થી વધુ હરિભક્તો લાભ લઈ સુખિયા થયા હતા.

એ જ રીતે, તા. ૩૧ જુલાઈ ને રવિવારની સંધ્યાએ જર્સીસિટી ખાતે ૧૯મો વાર્ષિક પાટોત્સવ યોજાયો હતો. જેમાં વ્હાલા ગુરુજીએ 'મહારાજની સર્વોપરીતા' વિષય ઉપર લાભ આપી ૬૫૦ જેટલા હરિભક્તોને સુખિયા કર્યા હતા.

તદુપરાંત તા. ૬ ઑગસ્ટ ને શનિવારની સંધ્યાએ ઍટલાન્ટા ખાતે ૧૨મો વાર્ષિક પાટોત્સવ યોજાયેલ. આ પાટોત્સવ ઉપક્રમે વ્હાલા ગુરુજીએ 'ભગવાન બધું જ જુએ છે' વિષય પર લાભ આપીને ૭૧૦ જેટલા હરિભક્તોને પ્રગટપણાના પાઠ શીખવ્યા હતા.

એ જ રીતે, તા. ૧૩ ઑગસ્ટ ને શનિવારના રોજ ટોરન્ટો ખાતે ૧૨મો વાર્ષિક પાટોત્સવ યોજાયો હતો. જેમાં છાબયાત્રા, ભક્તિયાત્રા તથા ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન થયું હતું. આજરોજ ટોરન્ટો મંદિર સ્થિત સિંહાસન મધ્યે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિપ્રતિષ્ઠા કાર્યક્રમ પણ આયોજિત થયો હતો. અમીરપેઢીની હારમાં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની નૂતન મૂર્તિનું પૂજન તથા પ્રતિષ્ઠા રંગેચંગે વ્હાલા ગુરુજી દ્વારા સંપન્ન થયાં. જેમાં વ્હાલા ગુરુજી તથા પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજીની નૂતન મૂર્તિનું ચંદન દ્વારા પૂજન-અર્ચન કરી લાભ લીધો હતો. વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આ પ્રસંગ અંતર્ગત 'વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપણા પર કરેલા ઉપકારો' તથા 'ગુરુદેવ પ.પૂ. બાપજીના ઋણમાંથી છૂટવાના ઉપાયો' ઉપર ઊંડાણપૂર્વક લાભ આપીને સૌ હરિભક્તોને મહિમા આકારે કર્યા હતા. આ પાટોત્સવ પ્રસંગે 'સત્સંગ શા માટે ?' જેવા વિષય પર વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો લાભ લઈને ૧૩૦૦ જેટલા હરિભક્તો ધન્યભાગી બન્યા હતા.

ત્યારબાદ તા. ૨૦ ઑગસ્ટ ને શનિવારના રોજ ચેરીહિલ મંદિર ખાતે ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ પ્રોગ્રામ ખૂબ રંગેચંગે ઊજવાઈ ગયો. જેમાં લગભગ ૫૫૦ જેટલા હરિભક્તો 'મંદિરો શા માટે ?' વિષય પર લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.

આમ, સમગ્ર વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ બોસ્ટન, જર્સીસિટી, ઍટલાન્ટા, ચેરીહિલ તથા ટોરન્ટો એમ કુલ પાંચ મંદિરના પાટોત્સવ પ્રોગ્રામમાં લાભ આપ્યો હતો.

**સ્વ-સ્વાર્થ કદી બીજાના સુખ માટે પ્રયત્ન થવા જ ન દે.**


HOLLISTER













### ભક્તિયાત્રાનાં આયોજનો

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી આ વિચરણ દરમ્યાન તમામ સેન્ટરોમાં આત્યંતિક કલ્યાણના અભયદાન માટે દિવ્ય ભક્તિયાત્રાનું આયોજન થયું હતું. જેમાં ઢોલ-નગારાં સાથે વાજતે-ગાજતે પાલખીમાં બિરાજિત ઘનશ્યામ મહાપ્રભુના જયઘોષ તથા સ્વામિનારાયણ મહામંત્રના નાદ સાથે વિવિધ સ્ટ્રીટ્સમાંથી પસાર થઈ રહેલી આ ભક્તિયાત્રાનાં દર્શન કરવા માટે ભારે ભીડ ઊમટતી. વળી ભક્તિમાં મગ્ન બનેલા ભાવિક ભક્તો વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ તથા ગુરુજીની ફરતે રાસ લઈને આનંદ વ્યક્ત કરતા હતા ત્યારે આકાશમાં થતી આતશબાજી પણ જાણે વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુના આગમનને વધાવતી ન હોય ! વ્હાલા ગુરુજી પણ સંત મંડળે સહિત આ ભક્તિયાત્રામાં જોડાયા હતા. રસ્તામાં દર્શન કરનાર, હાથ જોડનાર, દૃષ્ટિએ ચડનાર સૌને વ્હાલા ગુરુજીએ અભયદાનના કોલ આપ્યા હતા. આમ, બોસ્ટન, જર્સીસિટી, ઍટલાન્ટા, ટોરન્ટો તથા લંડન એમ કુલ પાંચ સેન્ટરમાં યોજાયેલ ભક્તિયાત્રામાં લગભગ ૧૪૫૦ જેટલા હરિભક્તો સહભાગી થયા હતા. વળી, આ ભક્તિયાત્રાનાં દર્શને ગાડીઓ ઊભી રાખી દર્શન કરવા આતુર બનેલા તથા પોતાના ઘરમાંથી બહાર આવીને તથા બારી-દરવાજાઓમાંથી દર્શન કરીને મોક્ષભાગી બનેલા હજારો મુમુક્ષુઓ ન્યાલ બની ગયા તે પણ ઉલ્લેખનીય છે.

### હરિભક્તોના મનોરથ પૂરા કરવા યોજાઈ પધરામણી તથા મહાપૂજાઓ

બોસ્ટન, જર્સીસિટી, એડિસન, ઍટલાન્ટા, ચેરીહિલ, ટોરન્ટો તથા લંડન ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી તથા સંત મંડળ સહિત યોજાયેલ પધરામણીઓમાં વ્હાલા ગુરુજીએ ઘરે ઘરે જઈ ભાવિક ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા તથા સૌનાં નૂતન ઘર પાવન કર્યાં હતાં. વ્હાલા હરિકૃષ્ણ મહારાજના આગમનને વધાવવા માટે હરિભક્તોએ પોતાના ઘરે રંગોળીઓ, પ્રાર્થનાપત્રો, વિવિધ પ્રકારની વાનગીઓથી સજ્જ અન્નકૂટ વગેરે જેવી તૈયારીઓ કરી હતી.

સવારથી શરૂ થતી પ્રાતઃ સભાઓ લગભગ ૧૧ વાગે પૂર્ણ થયા બાદ યોજાતી પધરામણીઓમાં ભક્તોના ભાવને વશ થઈ પરત પધારતાં ગુરુજીને ઘણી વખત ૨:૦૦ કે ૨:૩૦ વાગી જતા. આવા સમયમાં વ્હાલા ગુરુજી ઘણી વખત ૨:૩૦ વાગ્યે ઠાકોરજી જમાડતા. ઉપરાંત, સાંજે ૪:૩૦ વાગ્યાથી અન્ય પધરામણીઓ માટે નીકળી જવાનું હોય જ. વળી, રાત્રિ સભાઓનું આયોજન તો હોય જ. કેટલો વ્હાલા ગુરુજીનો આગ્રહ ! પોતાના સામું કોઈ દૃષ્ટિ જ નહીં. અવરભાવની ૬૩ વર્ષની અવસ્થાએ પણ હરિભક્તોના ભાવો પૂરા કરી રાજી કરવાનો કેટલો આગ્રહ !

ઍટલાન્ટા વિચરણ દરમ્યાન એક દિવસ બપોરે ૩ વાગી જતાં એક હરિભક્તની પધરામણી બાકી રાખવી પડી. જે આગામી દિવસોમાં સેટ કરતાં કરતાં વિચરણનો અંતિમ દિવસ આવી ગયો અને અંતે ખૂબ જ ટાઇટ શિડ્યૂલમાં એરપોર્ટ જતાં જતાં આ પધરામણી કરવાનું નક્કી થયું હતું. માટે તા. ૮ ઑગસ્ટ ને સોમવારે એકાદશીના રોજ પ્રાતઃ સભા પૂર્ણ કરી વ્હાલા ગુરુજીને ટોરન્ટો વિચરણ અર્થે ફ્લાઇટમાં પધારવાનું હતું. ત્યારે એરપોર્ટ પર જતાં જતાં અગાઉથી બે પધરામણીઓનું આયોજન તો હતું જ. તેમાં જે આગળની બાકી પધરામણી હતી તે તો કરવાની રહી જ. પરંતુ એરપોર્ટ માટે નીકળતા પહેલાં ઍટલાન્ટા વિચરણના અંતિમ દિને મળવા આવેલ પ્રેમીભક્તની પ્રાર્થનાને વશ થઈને વ્હાલા ગુરુજીની અન્ય એક પધરામણીનું આયોજન તાત્કાલિક ધોરણે ગોઠવાયું. જે એરપોર્ટ જવાના રસ્તાની વિરુદ્ધ દિશામાં હતું. પરંતુ વ્હાલા ગુરુજીએ આ પ્રેમીભક્તના પ્રેમને પૂર્ણ કરવા માટે સમયની કટોકટી પણ વેઠી લીધી હતી. પરિણામે વ્હાલા ગુરુજીને ઠાકોરજી જમાડવા માટે માત્ર ૧૦-૧૫ મિનિટ જેવો નહિવત્ સમય પ્રાપ્ત થયો. ફ્લાઇટના દિવસે પૂ. સંતોને નિષ્કામ ધર્મના પાલનના ભાગ રૂપે ઉપવાસ કરવાનો હોય જ પરંતુ વ્હાલા ગુરુજી પણ સદાય પૂ. સંતો ભેળા ઉપવાસી જ હોય. જો આ પધરામણીમાં વિશેષ મોડું થયું હોત તો વ્હાલા ગુરુજીને આખા દિવસનો નકોરડો ઉપવાસ પણ કરવો પડત. આમ, પોતાના અવરભાવના દેહની પરવા કર્યા વિના વ્હાલા ગુરુજીએ એક એક હરિભક્તોનાં જતન માટે કેટલાં કષ્ટો વેઠ્યાં છે ! ધન્ય હો આવા દિવ્યપુરુષને !

આમ, સમગ્ર વિચરણ દરમ્યાન વ્યસ્ત શિડ્યૂલમાં વ્હાલા ગુરુજીએ ૫૨ પધરામણી તથા ૩ મહાપૂજાઓનો લાભ આપ્યો હતો.

### ગુરુજીની માતૃવાત્સલ્યતાનો અનુભવ કરાવતી અંગત બેઠકો

અમેરિકા, કૅનેડા તથા લંડન વિચરણ દરમ્યાન સભા તથા શિબિરો ઉપરાંત એક એક હરિભક્તના જીવનમાં રસ લઈ તેમને આધ્યાત્મિક તથા વ્યવહારિક માર્ગે મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ આપી તથા પોતાના દિવ્ય વ્હાલથી ભીંજવી અંગત બેઠક દ્વારા તેઓને નિકટ લીધા હતા. પ્રાતઃ સભા, સંધ્યા સભા,

**મોટાપુરુષનું દિવ્ય વિચરણ અનંતના મોક્ષને અર્થે હોય છે.**

























અઠવાડિક સભા કે શિબિર સેશન પૂર્ણ થયા બાદ એક પણ મિનિટનો વ્યય કર્યા વિના તુરત જ વ્હાલા ગુરુજી ઉપસ્થિત હરિભક્તો પૈકી એક એક હરિભક્ત સાથે અંગત બેઠક માટે બિરાજી જતા. ઘણી વખત પૂ. સંતો વ્હાલા ગુરુજીને ઠાકોરજી જમાડી લેવા માટે પ્રાર્થના કરતા પરંતુ હરિભક્તોને ઘરે જવાનું મોડું ન થાય તે હેતુથી વ્હાલા ગુરુજી અંગત બેઠક ચાલુ જ રાખતા અને કહેતા કે આપણા કારણે હરિભક્તોને મોડું થાય તેવું ન કરીએ. સભા બાદ તુરત ચાલુ થઈ રાતના ૧૨ વાગ્યે અને કેટલીય વખત તો ૧૨:૩૦ વાગ્યા સુધી ચાલતી આ અંગત બેઠકો પૂર્ણ થયા બાદ ગુરુજી પૂ. સંતો સંગે નિયમ ચેષ્ટા કરીને ઠાકોરજી પોઢાડવા જતા. ગુરુજીને ઘણી વાર સાથેના સેવક સંતો આરામ કરવા પ્રાર્થના કરતા ત્યારે ગુરુજીના મુખે આ જ વચનો આવતાં કે, **“અમને હરિભક્તો જોડે બેસવાનો ખૂબ જ આનંદ આવે છે. હજુ ઘણા હરિભક્તો જોડે બેસવાનું બાકી છે. આ વખતે તો અમારે સૌ હરિભક્તોને રાજી કરી લેવા છે.”** આમ, ૩૬ દિવસના વિદેશ વિચરણ દરમ્યાન સવાર, બપોર અને સાંજ એમ અવિરત ચાલતી લગભગ ૬૨૫ કરતાં પણ વધુ અંગત બેઠકો દરમ્યાન ગુરુજીએ ભૂખ-દુ:ખ અને કેવળ ઉજાગરા જ સહ્યાં હતાં. તેથી આજે એક એક હરિભક્તના હૃદયમાં સ્થાન પામ્યા છે. હરિભક્તોને પણ વ્હાલા ગુરુજીના નિકટ સાંનિધ્યનો મળતો આ લહાવો જીવનની ચિરસ્મરણીય સ્મૃતિ બની રહેતો.

### સત્સંગના સ્તંભ સમા અગ્રેસર મુક્તોની સભાઓ

પૂ. સંતો જેમ સંસ્થાના પાયા છે તેમ અગ્રેસર સભ્યો પણ સેન્ટરની ધરોહરો છે. ત્યારે આ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ આ ધરોહરો મજબૂત થાય તથા વર્ષોના વર્ષો સુધી મોટાપુરુષના સિદ્ધાંતો-સંકલ્પોના સંવાહકો બની રહે તે હેતુથી દરેક સેન્ટરમાં અગ્રેસર સભાઓમાં લાભ આપીને પોતાના સંકલ્પો જણાવ્યા હતા તથા સંસ્થાના આદર્શો અને સિદ્ધાંતોની દૃઢતા કરાવી હતી. તો વળી, આધ્યાત્મિક જીવનની સાથે સાથે પોતાના નિજી વ્યવહારિક જીવનમાં પણ કેવી રીતે સૌને રાજી કરવા તે અંગે પણ ખૂબ બળભર્યું માર્ગદર્શન આપ્યું હતું. વળી, મળેલી સેવા અને જવાબદારીની નિભાવના માટે અસ્મિતાસભર કર્યા હતા અને અંતે સૌ મુક્તોને ભેટણ લીલાનો લાભ આપી દિવ્ય વ્હાલથી ભરી દીધા હતા. આમ, સમગ્ર વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ બોસ્ટન, જર્સીસિટી, ઍટલાન્ટા, એડિસન, ચેરીહિલ, ટોરન્ટો અને લંડન ખાતે કુલ ૭ અગ્રેસર સભાઓ દ્વારા લગભગ ૨૭૦ જેટલા અગ્રેસર સભ્યોના આધ્યાત્મિક તથા વ્યવહારિક ઘડતરની મા તરીકે ચિંતા રાખી હતી.

### બાળકો-કિશોરોને અંગત લાભ

બાળકો અને કિશોરો સંસ્થાનું ભવિષ્ય છે. વળી, વ્હાલા ગુરુજી જણાવતા હોય છે કે, ‘કિશોરો અમારું હૃદય છે.’ ત્યારે આ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ બાળકો અને કિશોરો પાછળ પણ વિશેષતઃ ધ્યાન આપીને સૌ બાળ-કિશોરમુક્તોને લાડ લડાવી નિકટ ખેંચ્યા હતા. તા. ૨૯ જુલાઈના રોજ બોસ્ટન ખાતે યોજાયેલ કિશોર સભામાં વ્હાલા ગુરુજીએ કિશોરમુક્તોને રાજીપાનું મહત્ત્વ સમજાવી રાજીપાને જીવનધ્યેય બનાવવા ઉપર પ્રેરણા આપી હતી. વળી, કિશોરોએ પણ વ્હાલા ગુરુજીને પોતાની કાલીઘેલી ભાષામાં પ્રાર્થનાઓ દ્વારા રીઝવીને રાજી કર્યા હતા. વિદેશી કલ્ચરમાં નાનપણથી ઊછરીને મોટા થયેલા કિશોરોને પૂરું ગુજરાતી બોલતા કે વાંચતા પણ નહોતું આવડતું તેવા કિશોરમુક્તોની તૂટી-ફૂટી ગુજરાતી ભાષામાં થયેલી અરજને સુણીને વ્હાલા ગુરુજી સૌ કિશોરમુક્તો ઉપર અત્યંત રાજી થયા.

તા. ૧ ઑગસ્ટની સંધ્યાએ જર્સીસિટી ખાતે ગુરુજીએ કિશોર સભામાં કિશોરોને ‘કિશોર અવસ્થાનાં વિઘ્નો’ વિષે વાત કરી હતી તથા આ અવસ્થામાં મહારાજનું પ્રગટપણું તથા અંતર્યામીપણું દૃઢ કરી પૂ. સંતોના ઉત્કૃષ્ટ સંગ દ્વારા આ વિઘ્નોથી બચવાના ઉપાયો ઉપર લાભ આપી લગભગ ૩૫ જેટલા કિશોરમુક્તોને બળિયા કર્યા હતા. એ જ રીતે, નાના નાના બાળમુક્તોએ પણ વ્હાલા ગુરુજીને કાલાવાલા કરીને રાજી કર્યા હતા.

ઉપરાંત ટોરન્ટો તથા લંડન ખાતે વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં સ્પેશ્યલ બાળકો-કિશોરોની પિકનિકનું આયોજન થયું હતું. જેમાં વ્હાલા ગુરુજીએ સૌ બાળ-કિશોરમુક્તોને નિકટથી લાડ લડાવ્યા હતા. બાળકો તથા કિશોરોએ પણ ગુરુજીને વિવિધ ઍક્ટિવિટી દ્વારા રીઝવ્યા હતા. આમ, સમગ્ર વિદેશ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ લગભગ ૯૫ જેટલા બાળમુક્તો તથા ૨૫૦થી પણ વધુ કિશોરમુક્તોને નિકટથી લાભ આપી સુખિયા કર્યા હતા.

### લંડન ખાતે નૂતન મંદિરનો ઉદ્‌ઘાટન સમારોહ

તા. ૨૭ ઑગસ્ટ ને શનિવારના રોજ લંડન ખાતે નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં યોજાયો હતો. મંદિર પ્રવેશદ્વારનું પૂજન કરી રિબન ખુલ્લી મૂકીને ગુરુજીએ મંદિરનાં પ્રવેશદ્વાર ખુલ્લાં મૂક્યાં હતાં. ત્યારબાદ વ્હાલા ગુરુજી દ્વારા નૂતન સત્સંગ કેન્દ્રમાં મૂર્તિપૂજન વિધિ તથા મૂર્તિપ્રતિષ્ઠાનો લાભ આપી અનંત મુમુક્ષુઓ માટે

**જીવન એવું જીવવું કે વ્હાલો વરસી જાય.**



કાયમી આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવ્યું. આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ દિવ્ય આશીર્વચનો પાઠવ્યાં કે, **“આજરોજ ઉપસ્થિત સર્વે ભક્તજનો, આજ સુધી તન-મન-ધનથી મંદિરમાં નાની-મોટી કોઈ પણ પ્રકારની સેવાનો લાભ લેનાર, પૂ. સંતોના ઉતારાની અત્યાર સુધી સેવા કરનાર તમામ પરિવારો તથા આજનો પ્રસાદ જમાડનાર સર્વેનો આ ને આ જન્મે છેલ્લો જન્મ કરી મૂર્તિના અવિચળ સુખભોક્તા થાય એવી પ્રાર્થના.”** વળી, વ્હાલા ગુરુજીએ વિશેષ જણાવ્યું હતું કે, “વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી સંગે તેમનું લંડન ખાતે પ્રથમ વિચરણ તા. ૨૭ ઑગસ્ટ, ૧૯૯૫ના રોજ યોજાયું હતું અને આજે મંદિર ઉદ્‌ઘાટનનો પણ એ જ દિવસ છે. વળી, હજુ આ તો માત્ર મંદિર ઉદ્‌ઘાટન છે. હજુ ઘનશ્યામ મહાપ્રભુ, અબજીબાપાશ્રી તથા અમીરપેઢીના સમર્થ સદ્‌ગુરુઓ ધામધૂમથી ને ભવ્યતાપૂર્વક પ્રતિષ્ઠિત થવાનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ બાકી છે ને એમાં દેશ-પરદેશના હજારો ભક્તોને આમંત્રણ આપવાનું છે.” આ પ્રસંગ ઉપક્રમે લગભગ ૧૧૦૦ જેટલા હરિભક્તો ધન્યભાગી બન્યા હતા.

લંડન ખાતેના ૭ દિવસીય વિચરણના અંતમાં છેલ્લા બે દિવસ દરમ્યાન તો અવરભાવમાં વ્હાલા ગુરુજીને દાઢનો દુખાવો અસહ્ય બન્યો હતો. જેના પરિણામે રાત્રે ઊંઘ પણ નહોતી આવતી. સરખું જમાડી પણ નહોતું શકાતું. પૂ. સંતોએ વ્હાલા ગુરુજીને ટ્રીટમેન્ટ માટે ઈન્ડિયા વહેલા પધારી જવા પ્રાર્થના કરી હતી. લંડન મંદિરનો મુખ્ય પ્રોગ્રામ ઉદ્‌ઘાટન સમારોહ પણ સંપન્ન થઈ ગયો હતો. પરંતુ વ્હાલા ગુરુજીનું પાંચ વર્ષ બાદ વિચરણ ગોઠવાયું હતું અને તેમાં પણ બે દિવસનો હરિભક્તોનો લાભ કપાઈ ન જાય તે માટે દુખાવો સહન કરીને ગોળી તથા ઈન્જેક્શન લઈને પણ વ્હાલા ગુરુજીએ વિચરણ ચાલુ રાખ્યું. અને એ જ ત્રણ ત્રણ કલાકનો કથાવાર્તાનો પ્રવાહ ચાલુ રાખ્યો. અગાઉની જેમ જ અસ્ખલિત કથાવાર્તાનો પ્રવાહ વહેતો જ રાખ્યો. આ લોકના કોઈ પુરુષ આવું ન જ કરી શકે. ધન્ય હો ! આવા દિવ્યપુરુષને જેમણે સ્વસુખની કેવળ અવહેલના જ કર્યા કરી ! અને એટલે જ કહ્યું છે,

“પોતે દુ:ખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુ:ખ કાપ્યાં છે.”

આવા દિવ્યપુરુષને કોટિ કોટિ વંદન હજો !

આમ, અમેરિકા, કેનેડા તથા લંડન ખાતેના તા. ૨૭ જુલાઈ, ૨૦૨૨થી તા. ૩૧ ઑગસ્ટ, ૨૦૨૨ એમ કુલ ૩૬ દિવસના વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ ૬૨૫થી વધુ અંગત બેઠક, ૫૨ પધરામણી, ૩ મહાપૂજા, ૫ પાટોત્સવ પ્રોગ્રામ, ૩ આદર્શ પ્રૉજેક્ટ શિબિર, ૫ સત્સંગ શિબિર, ૫ કિશોર સભા, ૫ રાજીપા સભા, ૭ અગ્રેસર સભા, ૭ જાહેર સભા, ૨૫ પ્રાતઃ સભા તથા કિશોરો-યુવાનો સાથે પિકનિક









તથા મંદિર ઉદ્‌ઘાટન સમારોહ વગેરે જેવા પ્રોગ્રામોનો લાભ આપ્યો હતો. આટલી બધી સભાઓ, શિબિરો, પધરામણીઓ, પ્રોગ્રામો અને એમાંય ૬૨૫ કરતાં પણ વધુ સભ્યો સાથે અંગત મુલાકાત... આ વાંચી-જાણી પ્રશ્ન થાય કે ગુરુજી આટલું બધું કરવામાં જમ્યા ક્યારે હશે અને પોઢ્યા ક્યારે હશે ? આખા વિચરણમાં ગુરુજીએ સવારમાં માત્ર જળ ધરાવ્યું છે ને બપોરના ભોજનમાં માત્ર ફ્રૂટ્સ તથા કાચું સલાડ અને રાત્રે એક જ વખત ભોજન ગ્રહણ કર્યું છે. વળી, ૩૬ દિવસમાં એક પણ દિવસ એવો નથી કે જેમાં ગુરુજી ૫:૩૦ કે ૬ કલાકથી વધુ આખા દિવસમાં પોઢ્યા હોય. એમાંય વળી, આખા વિચરણમાં ફ્લાઇટ જર્નીમાં ધર્મ-નિયમના પાલનમાં ૬થી વધુ કરેલા ઉપવાસ જુદા. આહાહા... ધન્ય હો આ દિવ્યપુરુષને કે જે કેવળ આપણને સૌને સુખિયા કરવા માટે આટઆટલો દાખડો વેઠે છે. અંતે તા. ૩૧ ઑગસ્ટના રોજ રાત્રે ૯ વાગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સંત મંડળ સહિત લંડનથી ભારત ખાતે મુંબઈ પધાર્યા હતા. લંડનના ભાવિક ભક્તોએ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને અશ્રુભીની આંખે વિદાય આપી હતી. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સૌને મીઠો લાભ આપી જણાવ્યું હતું કે, "અમે સદાય તમારી ભેળા જ છીએ." આ વિચરણમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સાથે વિતાવેલી પળો હરિભક્તોના માનસપટ પર સદાય માટે અવિસ્મરણીય રહેશે.

## પૂ. સંતોનું અમેરિકા તથા લંડન ખાતેનું સત્સંગ વિચરણ





વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અમેરિકા પધાર્યા તે પૂર્વે તા. ૧૫ જૂન, ૨૦૨૨ ને બુધવારના રોજ પૂ. આશીર્વાદસ્વામી તથા પૂ. મુનિસ્વામી એમ બે સંતોનું મંડળ તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી રસિકભાઈ પટેલ પૂર્વ તૈયારીના ભાગ રૂપે સૌપ્રથમ ચેરીહિલ ખાતે રવાના થયા હતા. ત્યારબાદ અનુક્રમે એડિસન, બોસ્ટન, જર્સીસિટી, ઍટલાન્ટા, શિકાગો વગેરે શહેરોમાં તથા નોર્થ કેરોલીના, સાઉથ કેરોલીના, ઇંડિયાના, ઓહાયો, મિશિગન, કેન્ટકી, ટેનિસી, ફ્લૉરિડા જેવા રાજ્યોમાં વિચરણ કરી હરિભક્તોને મહિમા આકારે કરી સૌને મોટાપુરુષનાં દર્શન-આશીર્વાદ-સમાગમનો મહિમા દૃઢ કરાવ્યો હતો. ત્યારબાદ ઍટલાન્ટા વિચરણ પૂર્ણ કરી આ સંત મંડળ ચેરીહિલ ખાતે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં થનાર આદર્શ પ્રૉજેક્ટની શિબિરમાં તથા વિચરણમાં જોડાયું હતું.

એ જ રીતે વ્હાલા ગુરુજી લંડન વિચરણમાં પધારે તે પૂર્વે તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૨૨ ને પૂનમની સંધ્યાએ પૂ. દિવ્યસ્વામી તથા પૂ. સુખસ્વામી એમ બે સંતોનું મંડળ તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી અક્ષયભાઈ પટેલ પૂર્વ તૈયારીના ભાગ રૂપે સૌપ્રથમ લંડન ખાતે રવાના થયા હતા. ત્યારબાદ અનુક્રમે લેસ્ટર, બર્મિંહેમ, ક્રોલી, વોટફર્ડ, ડબ્લિન જેવા નગરો-મહાનગરોમાં વિચરણ કરી હરિભક્તોને મહિમા આકારે કરી, સૌને મોટાપુરુષનાં દર્શન-આશીર્વાદ-સમાગમનો મહિમા દૃઢ કરાવ્યો હતો. ગુરુજીના વિચરણ બાદ પણ આ સંત મંડળનું વિચરણ મૅચિસ્ટર, લીડ્‌સ, ગ્લાસગો તથા એડિનબરો વગેરે જેવા નગરોમાં ચાલુ રહ્યું હતું. અંતમાં તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ ને શનિવારના રોજ અંતિમ સભામાં હરિભક્તોને જીવન ઉપયોગી ભલામણ પર લાભ આપ્યો હતો. જેમાં લગભગ ૨૯૦ જેટલા હરિભક્તો લાભ લઈને બળિયા થયા હતા. ત્યારબાદ લંડન વિચરણ પૂર્ણ કરીને તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ આ સંત મંડળ ઇન્ડિયા ખાતે મુંબઈ જવા માટે રવાના થયું. લંડનના ભાવિક ભક્તોએ ભારે હૃદયે સંત મંડળને વિદાય આપી હતી.



**મોટાપુરુષના સંકલ્પોને અધ્ધરથી ઝીલનાર કમાઈ જાય.**

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન









તા. ૧૧-૯-૨૦૨૨ ને રવિવારના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સ્વામિનારાયણ ધામ ખાતે ૧૪મા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનની ઉજવણી કરવામાં આવી હતી. સંમેલનના દિવસની પૂર્વ સંધ્યાએ કીર્તન આરાધના દ્વારા સૌ વિદ્યાર્થીઓ મહાપ્રભુની મૂર્તિમાં ગુલતાન બન્યા હતા.

દ્વિતીય દિને પ્રથમ સત્રમાં પૂ. મૂર્તિસ્વામી તથા પૂ. તેજોમયસ્વામીએ 'રાજીપા' સંદર્ભે કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આજના સંમેલનના મુખ્ય સેશનની શરૂઆત દરેક વિદ્યાર્થીઓને પૂ. સંતો દ્વારા ભાલમાં કુમકુમનો ચાંદલો અને નાડાછડી બાંધીને કરવામાં આવી હતી. સવારે ૧૧ કલાકે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે સભામંડપમાં ગુરુજીનું આગમન થયું અને ભૂતપૂર્વ તેમજ ચાલુ વર્ષના વિદ્યાર્થીઓએ આ આગમનને વધાવી લીધું હતું. રાજીપાપાત્ર વિદ્યાર્થીઓના ગુણાનુવાદ તથા રાજીપાદર્શન બાદ આ વિદ્યાર્થીઓએ પ્રૉમિસ હાર, ડ્રાયફ્રૂટના હાર, ગુલાબના હાર તથા બુકે દ્વારા ગુરુજીના પૂજનનો લાભ લીધો હતો.

ગુરુજીએ પોતાના વ્હાલા ભૂતપૂર્વ વિદ્યાર્થીમુક્તોને 'જીવનની દરેક સફળતાની માસ્ટર કી – રાજીપો' વિષય પર દૃષ્ટાંત વિવરણ તથા પ્રશ્નોત્તરી દ્વારા દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. ત્યારબાદ સૌ મુક્તોએ ગુરુદેવ પ.પૂ. બાપજીના વિડિયો દ્વારા દિવ્ય આશીર્વાદ મેળવ્યા હતા. અંતમાં સર્વે વિદ્યાર્થીમુક્તોને ગુરુજીના નિકટ દર્શનનો અણમોલ લાભ મળ્યો હતો. દર્શન કરવા આવનાર સૌ વિદ્યાર્થીઓને ગુરુજીના હસ્તે કાલાજામની પ્રસાદી તેમજ પૂ. સંતો દ્વારા પિરસણ લીલાનો લાભ મળ્યો હતો.

આ સિવાય સંમેલનમાં ઍક્ટિવિટી, પૂ. સંતો દ્વારા ગ્રૂપ સભા અને સંત પ્રવચન જેવાં વિવિધ આયોજનો કરવામાં આવ્યાં હતાં. આમ, આજના દિને ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓ સહિત કુલ ૯૭૦થી પણ વધુ મુક્તોએ લાભ લીધો હતો. આ સિવાય ગોધર ગુરુકુલના બાળમુક્તો વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

**રાજીપો એટલે સફળતાની માસ્ટક કી.**

## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૪-૯-૨૨**ના રોજ **ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **ઊંઝા** ખાતે પ્રાતઃ સેશનમાં ૩ પધરામણી તથા પ્રાતઃ સભામાં 'મંદિર શા માટે ?' વિષય ઉપર દિવ્યવાણીનો લાભ આપી મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૯૦૦થી પણ વધુ હરિભક્તોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયં સેશનમાં **વિસનગર** ખાતે ૪ પધરામણી તથા રાત્રિ સભામાં 'રાજીપાની રીત' વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૧૬૫૩થી વધુ મુક્તોને કૃતાર્થ કર્યા હતા.

**તા. ૫-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાત : સેશનમાં **વિજાપુર** ખાતે ૫ પધરામણી, ૧ મહાપૂજા તથા જ્ઞાન-ધ્યાન ચિંતન સભામાં લાભ આપી ૩૫૭થી વધુ મુક્તોને ધન્ય કર્યા હતા.

**તા. ૭-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાત : સેશનમાં એકાદશી નિમિત્તે સંકલ્પ સભામાં કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૧૭,૫૭૫થી પણ વધુ મુક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહ્યા હતા.

**તા. ૯-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સમયે ૧૦ પધરામણી, ૧ રસોઈ અને જ્ઞાન-ધ્યાન ચિંતન સભાનો લાભ આપી ૪૫૦થી વધુ મુક્તોને ધન્યભાગી કર્યા હતા. આજરોજ સાયં સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે ૬ પધરામણી, ૧ રસોઈ તેમજ રાત્રિ સભામાં 'રાજીપાની રીત' તથા 'ભજન-પ્રાર્થના' વિષય પર કથાવાર્તાનો લાભ આપી ૨૧૩૫થી પણ વધુ મુક્તોને સત્સંગના માર્ગે આગળ વધાર્યા હતા.

**તા. ૧૦-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે પૂનમના સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા. આ પ્રસંગે ૨૦,૫૭૨થી પણ વધુ મુક્તો પ્રત્યક્ષ તથા ઑનલાઈન માધ્યમ દ્વારા જોડાયા હતા.

**તા. ૧૧-૯-૨૨**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ કાળે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે આદર્શ પ્રૉજેક્ટ તથા પ્રિ-મુમુક્ષુના સભ્યોને રાજીપાના માર્ગે આગળ વધારવા માટે કથાવાર્તાનો લાભ આપી ૩૨૯૭થી પણ વધુ મુક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ભક્તિયાત્રા, પધરામણી તથા ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે 'રાજીપાની રીત' વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૧૦૯૦થી પણ વધુ મુક્તોને ધન્ય કર્યા હતા.

**તા. ૧૨-૯-૨૨**ના રોજ પ્રાતઃ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતન સભામાં તેમજ ૭ પધરામણી અને ૧ રસોઈનો લાભ આપી ૩૦૦થી પણ વધુ હરિભક્તોને રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સેશનમાં **સેટેલાઇટ** ખાતે ચાતુર્માસ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે 'રાજીપાની રીત' વિષય પર કથાવાર્તાનો લાભ આપી ૮૫૦થી પણ વધુ હરિભક્તોને રાજીપાના માર્ગે આગળ વધવા દિશા બતાવી હતી.

## મૂર્તિસુખે સુખિયા



**મૂ.નિ. કાનજીભાઈ ઓધવજીભાઈ જીવાણી, ઉંમર વર્ષ-૫૨, સ્વામિનારાયણ ધામ (ગાંધીનગર); તા. ૨૦-૯-૨૨ :** એસ.એમ.વી.એસ. સંસ્થાના આજીવન સમર્પિત સેવક તથા સ્વામિનારાયણ ધામ સેન્ટરના અગ્રણી ઘરધણી મુક્ત કાનજીભાઈ જીવાણી શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ પ્રથમથી જ ખૂબ મુમુક્ષુ હતા. વર્ષો જૂનો સત્સંગ હતો પરંતુ તેમની ખરી મુમુક્ષુતાના કારણે શ્રીજીમહારાજે તેમને કારણ સત્સંગમાં ખેંચી લીધા. સત્સંગમાં હંમેશાં તેઓનો ચડતો ને ચડતો રંગ રહ્યો છે. તેઓનો શાંત-સરળ સ્વભાવ, મુમુક્ષુતા, દાસત્વપણું, કથાવાર્તાનું અંગ,પરભાવના માર્ગે-સ્થિતિના માર્ગે ચાલવાના આગ્રહી, મહાત્મ્યસભર જીવન આદિ અનેક ગુણો સૌ કોઈ માટે પ્રેરણારૂપ હતા. તેમના આવા વર્તનશીલ જીવનના કારણે ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના અંતરનો રાજીપો કમાયા હતા. વળી, સંસ્થાનો ક્વૉલિટી પ્રૉજેક્ટ એવા આદર્શ પ્રૉજેક્ટમાં તેઓ પ્રિ-મુમુક્ષુ બૅચના સભ્ય હતા.

તેઓ કદી વ્યર્થ સમય પસાર ન કરતા. ગમે તેની જોડે હોય છતાં મહિમાની વાતો જ કર્યા કરતા. સમાગમની સાથે તેમની સેવા અને સમર્પણ પણ શ્રેષ્ઠ હતાં. છેલ્લા ઘણા વર્ષોથી તેઓ મંદિરમાં સમર્પિતપણે ઘરધણી મુક્ત તરીકે સેવામાં આવી ગયા હતા. તેઓએ ભાવનગર, ચાંદખેડા, ગોતા, સેટેલાઇટ વગેરે જેવા મંદિરના બાંધકામના નિર્માણ વિભાગમાં તથા પરચેઝ વિભાગમાં સેવાનો લાભ લીધો હતો. તેમજ સ્વામિનારાયણ ધામ ખાતે કૅમ્પસની સેવા પૂ. સંતોની જમણી ભુજાની જેમ રહી નિભાવી હતી. તેઓનું ઘરધણીપણું એટલું બધું કે ઠાકોરજીના એક રૂપિયાનો પણ બગાડ ન થવા દેતા. વળી, પરિવારમાં એમના દીકરા સંકેત મહારાજને પણ મહારાજ અને મોટાપુરુષની અનન્ય દુર્લભ સેવામાં રહેવાનું બળ આપતા ને સમજાવતા, 'મહારાજ માટે જ આપણો જન્મ છે.' આથી તેઓ પણ તેમના પિતાના ચીલે ચાલી છેલ્લા ત્રણ-ચાર વર્ષથી સંસ્થામાં ઘરધણીમુક્ત તરીકે સેવા બજાવી રહ્યાં છે.

મહારાજની કૃપાથી કાનજીભાઈ છેલ્લે સંતોની સાથે સેવા કરતાં કરતાં જ મૂર્તિના સુખે સુખિયા થયા. છેલ્લા શ્વાસે પણ તેમના મુખમાં શ્રીજીમહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું જ નામ સ્મરણ હતું. મહાપ્રભુના ચરણોમાં પ્રાર્થના કે તેઓને ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે તેમજ સંકેત મહારાજ તથા પરિવાર પણ કાનજી મહારાજનો વારસો વધુ સુદૃઢ રાખે.

**જીવનને દિવ્ય બનાવવાની જડીબુટ્ટી – મોટાનો જોગ.**

**સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)**

# ભક્તિ ગૃહ ઉદ્યોગ દ્વારા દિવાળી સ્પેશ્યલ

**સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ–નિયમે યુક્ત ફરસાણ તથા મીઠાઇઓ**

## નમકીન

| | |
|---|---|
| તીખું ચવાણું | ૨૦૦/- |
| ડ્રાયફ્રૂટ ચવાણું | ૩૪૦/- |
| ખાટું-મીઠું ચવાણું | ૨૦૦/- |
| પૌંવાનો ચેવડો | ૨૦૦/- |
| પંચરત્ન | ૨૦૦/- |
| ઝીણી સેવ | ૨૦૦/- |
| નાયલોન સેવ | ૨૦૦/- |
| તીખી સેવ | ૨૦૦/- |
| રતલામી સેવ | ૨૦૦/- |
| ભાવનગરી સેવ | ૨૦૦/- |
| ભાવનગરી ગાંઠિયા | ૨૦૦/- |
| ચણાદાળ | ૨૬૦/- |
| ટમટમ | ૨૦૦/- |
| મસાલા મગ | ૨૬૦/- |
| સિંગભજિયાં | ૨૬૦/- |
| મમરી | ૨૦૦/- |
| પાપડી | ૨૦૦/- |
| ચણાજોર | ૨૬૦/- |
| ગળ્યા સક્કરપારા | ૧૮૦/- |
| તીખા સક્કરપારા | ૧૮૦/- |

## બિસ્કિટ

| | |
|---|---|
| ઘઉંનાં બિસ્કિટ (પ્યોર) | ૩૦૦/- |
| ઓટ્સનાં બિસ્કિટ | ૩૮૦/- |
| બેકરી બિસ્કિટ (સાદાં) | ૧૬૦/- |
| બેકરી બિસ્કિટ (પ્યોર) | ૩૦૦/- |

## મીઠાઈ

| | |
|---|---|
| મોહનથાળ (પ્યોર) | ૩૮૦/- |
| મગસ (પ્યોર) | ૩૮૦/- |
| ટોપરાપાક | ૩૮૦/- |
| મૈસૂબ | ૪૦૦/- |
| કેસર પેંડા | ૩૮૦/- |
| થાબડી/મથુરા પેંડા | ૪૨૦/- |
| માવા બરફી | ૪૨૦/- |
| કાજુ કતરી | ૮૬૦/- |

## મુખવાસ

| | |
|---|---|
| મુખવાસ | ૫૦૦/- |

**ખાસ સત્સંગી બંધુઓ માટે...**

- શુદ્ધ, સ્વાદિષ્ટ અને પવિત્ર
- ગ્રહણ બાદ ઉપયોગમાં લઈ શકાય એ રીતની ચોખ્ખી વસ્તુઓ બનાવેલ છે.





**વધુ માહિતી માટે નીચે જણાવેલ સભ્યોનો સંપર્ક કરવો :**

• ઘનશ્યામભાઈ પટેલ - ૯૯૧૩૪૧૫૭૪૧ • સચિનભાઈ પટેલ - ૯૯૭૯૮૫૫૦૯૯

• જયંતિભાઈ પટેલ - ૯૯૨૫૦૬૬૪૯૧

Ghanshyam,October-2022.Published on 10-10-2022. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.




























(૧–૬) વિસનગર, ઊંઝા, વિજાપુર, સ્વા. ધામ, વાસણા, વસ્ત્રાલ ખાતે અનુક્રમે ગુરુજીની પધરામણીનો લાભ (૭–૮) નરોડા ખાતે સત્સંગ સભા તથા પધરામણીમાં ગુરુજીનો લાભ